પ્રકાશક:

શાહ પુંજાભાઇ હીરાચંદ.

માણેકચોક, અમદાવાદ.

શ્રી રાયચંદ્ર ચંદ્રિકા.

કાર્તિકી પૂર્ણિમા, ૧૯૭૨.



પ્રથમ મુદ્રણ: ૧,૦૦૦. મૂલ્ય ૧૨ આના.

અમદાવાદ: ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

શ્રીમદ્ રાજ્યચન્દ્ર.



(મણીદીપ છન્દની ચાલ.)

દીનનો દયાળ છોડી કોને શરણ્ જઉં ? એ ગીતનો ઢાળ.

ધર્મનું સામ્રાજ્ય સદા હૃદયમાં સુહાવે;
ઉદય રાજ્યચન્દ્ર એ રસામૃત રેલાવે.
રસની રેલમાં વહી ઉર્વિત સુરમ્ય ભાસે,
ઉર્વિન રાજ્યચન્દ્ર પ્રાણની સુગન્ધ રેલે.
રસ સુગન્ધ ચેતને જનગણ પાર્થિવ સ્ફુરે,
આનન્દ રાજ્યચન્દ્ર ત્યાં અપાર્થિવ પ્રફુલ્લે.

[illegible] રાજકોટે,
તા. ૧૮-૧૧-૧૬.

લલિત.

પ્રસ્તાવના.

શ્રીમદ્ રાયચંદ્રનાં છૂટાં છવાયાં જે પદો મળી શક્યાં છે તે જનસમાજની સેવામાં રજુ કરૂં છું. તેઓનું જીવન બાલપણથીજ ધાર્મિક હતું એટલે તેઓના લગભગ સઘળાં પદો ધાર્મિકજ છે.

ઈ૦ સ૦ ૧૮૮૬–૮૮ ની સાલ દરમ્યાન, માત્ર ઓગણીસ વર્ષની વયે શ્રીમદ્ મુંબઇ ઇલાકામાં શતાવધાની શીઘ્રકવિ તરીકે મશહુર થયા હતા, એટલે; કાઠિયાવાડમાં અને સકળ જૈન સમાજમાં તેઓનું 'કવિ' તરીકેનું નામ ઘરગતુ થઈ પડેલું છે; એટલે સુધી 'ઘરગતુ' થઇ પડ્યું છે કે, ધાર્મિક દિશામાં તેઓના વિચારોને અનુસરી ચાલનારાઓને પણ 'કવિના પંથના' નામથીજ સંબોધાય છે.

કવિ તરીકેની આવી નામના છતાં તેઓએ પોતાના જીવનમાં "લૌકિક કવિ" તરીકે સુદ્દલ પણ પ્રવૃત્તિ કરી નહોતી. "ધાર્મિક કવિ" તરીકે, પણ બહુજ થોડી પ્રવૃત્તિ કરી હતી, કારણ કે, તેઓના શબ્દોમાં કહીએ તો તેઓનો આત્મનિશ્ચય હતો કે.

નહીં ગ્રંથમાંહિ, જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહીં કવિ ચાતુરી;
... ... જ્ઞાન નહીં ભાષા કરી.

આ કારણથી, તેમ તેઓનો બીજો અખંડ અભિપ્રાય એ હતો કે,

"નહીં દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ."

તે કારણથી આપણને આટલાંજ પદોની પ્રાસાદિ મળે છે.

આ પ્રાસાદિનો જો યથાર્થ વિચાર કરવામાં આવે તો તેમાં સર્વદર્શનો અને સર્વ શાસ્ત્રોનાં તત્ત્વો સમાઇ ગયેલાં અનુભવવામાં આવવાંજ જોઇએ.

શ્રી રાયચંદ્ર ચન્દ્રિકા,
કાર્તિકી પૂર્ણિમા ૧૯૭૨.
સત્યાગ્રહાશ્રમ, અમદાવાદ.

મનસુખલાલ.

શ્રીમદ્ રાજચંદ્રનાં કેટલાંક સ્મરણો.

(અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?)

સાધુચરિત કવિ સ્મરણુ તમારાં શાં કરૂં ?
વિસ્મરણુનો ક્ષણુ એક નથી અવકાશ જો,
અહર્નિશ છે અંતરમાં યાદી આપની,
સદા ઉદિત ઉર ઉજ્જવલ પુણ્ય પ્રકાશ જો.

સાધુ ચરિત કવિ.

× × × ×

પુનીત પરણા થઈ ઉતર્યા અમ આંગણે,
અલ્પ સમય કીધો મનુકૂળમાં વાસ જો.
ગુપ્ત ઝરણુ દૈવી રસનાં વહેતાં કરી,
ત્વરિત વળ્યાં કરી પૂરણુ આપ પ્રવાસ જો.

સાધુ ચરિત.

× × ×

શુષ્ક જીવન અમ રસ નિર્ભર સ્નેહે કરી,
સ્હેજે શિખવ્યો આત્મજીવનનો યોગ જો,
જે સુખનાં સ્વપ્નાં સાથે સરખાવતાં,
અલ્પ વસે ઉર ભુવનત્રયના ભોગ જો.

સાધુ ચરિત.

મેઘ રૂડા આણ્યા અમ ઉર મરૂક્ષેત્રમાં
ટહુકી સ્વર્ગીય મધુરા રાગ મલ્હાર જો.
નવપલ્લવતા અર્પી જીવનબાગમાં,
કીધાં અમને ઉન્નત અધિક ઉદાર જો.

સાધુ ચરિત.

પ્યાસ કરૂં શું અદ્દભુત ન પ્રકાશનો,
પ્રતિશબ્દ જેમાં;રૂદ્ધિ અનંત સુહાય જો.
જ્ઞાનીના હારદને સમજે જ્ઞાનીઓ,
અનુભવ્યું મુજ પામરથી કેમ જાય જો.

સાધુ ચરિત.

આ આપે રસજીના તમને આણીયાં,
અનુભવ નંદનવનના વિરલ વિહારી જો;
બાકી હૃદય વિહીન જ્યાં ત્યાં નજરે ચડે,
શુષ્ક જીવન ચરિતાપૂરમાં સંસારી જો.

સાધુ ચરિત. ૬

કહ્યું ન જાયે યદ્યપિ અહર્નિશ આપનું,
વિલસે અંતર ચાર ચિત્ર વિચિત્ર જો;
દીપ જીવન સંભારી સુખમાં માગશું,
સમિપ સમયના અનુભવ પરમ પવિત્ર જો.

સાધુ ચરિત. ૭

સુશીલ.

જીવનિકા.

શ્રીમદ્ રાયચંદ્ર જ્યારે ૧૯ વર્ષના હતા ત્યારે હિંદ[illegible]
ધાની કવિ તેઓ એકજ છે એવું માન મળ્યું [illegible]
ધાન એટલે લક્ષ. શતાવધાન એટલે એકી વખતે સો વસ્[illegible]
આપવું તે. એક કવિ જ્યારે પોતાની સ્મરણશક્તિમાં [illegible]
બાબતોનો સંગ્રહ કરી રાખે છે ત્યારે તે શતાવધાની ક[illegible]
આ બાબતોમાં જુદી જુદી ભાષાઓની કવિતાઓ કે જેમ[illegible]
આડાઅવળા ક્રમમાં ગમે તેમ કહેવામાં આવે છે, અથવા [illegible]
પાનાં આદિ કેટલીક રમતો અને બીજી કેટલીક બાબતોનો [illegible]
થાય છે. આ અવધાનક્રિયામાં ઘંટ વગાડવામાં આવે છે. તેન[illegible]
[illegible] ગણતાં ગણિતના દાખલાઓ કરી આપે છે. કવિતાની [illegible]
સાથેની—કારણ કે શતાવધાની કવિને પૂછેલી કવિતા [illegible]
સિદ્ધ રીતે કરવી પડે છે—સ્મરણશક્તિનું આવી રીતે અદ્ભુ[illegible]
કેવળ દૃષ્ટિએ જોનારોજ તેનો ખરો ખ્યાલ આણી શકે છે.

શ્રીમદ્ રાયચંદ્ર, સ્મરણશક્તિનો કેટલો બધો વિકાસ કરી[illegible]
કે તેના [illegible]
[illegible]

અવધાન કર્યાં અને અંતે સો અવધાન કર્યા, અને આવી રી
ઓગણીસ વર્ષની ઉમરે તેઓ શતાવધાની કવિ થયા. તેઓએ મુબ
જઇ પોતાની શતાવધાન કરવાની શક્તિ ફરામજી કાવસજી ઇન્સ્ટીટ
અને અન્ય સ્થળોએ પ્રજા સન્મુખ કરી બતાવી. આ આશ્ચર્યક
સ્મરણશક્તિની ક્રિયાઓથી તેમને પ્રજાએ સુવર્ણચંદ્રક (ચાંદ) આપ
અને 'સાક્ષાત્ સરસ્વતી'નું બિરૂદ આપવામાં આવ્યું. પ્રસિદ્ધ સુધા
મિ. મલબારીએ ઉપરોક્ત શતાવધાનક્રિયા જોઇ પોતાના પત્ર ન
'ઇન્ડિયન સ્પેક્ટેટર'માં તે વિષયે ઘણોજ સ્તુતિપ્રદર્શક લેખ લખ
અને તેમાં શ્રીમદ્દને "બુદ્ધિ અને સ્મરણશક્તિ અદ્દભુત રીતે ધરા
નાર" (A prodigy of Intellect and Memory) ક
આ પછી થોડાક વખતમાં મુંબાઇની હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ
ચાર્લ્સ સારજન્ટ, ડૉક્ટર પીટર્સન, મિ. યાજ્ઞિક અને અન્ય પ્રતિ
પુરૂષોની પ્રેરણાથી શ્રીમદ્દના શતાવધાન જોવાને માટે એક મહ
લોકસભા બોલાવવાને વ્યવસ્થા કરવામાં આવી. આ અસાધારણ શ
વાળા યુવકની સ્તુતિ અને કદર લોકોએ અને પત્રવાળાઓએ ઉ
રીતે પ્રદર્શિત કરી. સર ચાર્લ્સે તેમને યુરોપમાં જઈ ત્યાં પોતા
શક્તિઓ દર્શાવવાને ભલામણ કરી પણ તેઓ તેમ કરી શક્યા ન
કારણ કે તેમણે વિચાર્યું કે, યુરોપમાં પોતે જૈનધર્માનુસાર રહી શકે ના

આવી રીતે સમગ્ર પ્રજામાં ખ્યાતિ થયા પછી તેમના
એકાએક નવું પરિવર્તન આવ્યું હોય તેમ જણાયું. વીસ વર્ષની
પ્રજાની દૃષ્ટિમાંથી પૂર્ણ રીતે તેઓ અદૃશ્ય થયા. પોતાની શ
અને બુદ્ધિબળનો ઉપયોગ પોતાના સમુદાયવર્ગમાં અને વિસ્તા
સમગ્ર લોકને શિક્ષા અને જ્ઞાનબોધ આપવામાં કરવા માટે તે
નિશ્ચય કર્યો. તેઓ ઘણી નાની ઉમરથી અતિશય પરિમાણમાં વ
નાર હતા. તેમણે ષડ્દર્શનની આલોચના કરી; અને તેની સાથે પૂ
વિશેષત: અને સામાન્યત: પશ્ચિમની ફિલસુફીનાં દર્શનો જોયાં. જે
આશ્ચર્યકારક લાગશે, પરંતુ આ તો વાસ્તવિક સત્ય છે કે તે
પુસ્તકને પૂર્ણ રીતે ગ્રહણ કરવાને ફક્ત એકજ વખત વાંચવાની

ી અને સંસ્કૃત અને પ્રાકૃતના નિયમિત અભ્યાસ વગર તેઓ
ભાષામાંના પુસ્તકો મ્હોટા પંડિતોની પેઠે યથાર્થ રીતે સમજ
તા અને બીજાને સમજાવી શકતા.

શ્રીમદ્‌ની એવી માનીનતા હતી કે ધનવાન અને સાંસારિ
ી સ્થિતિવાળો પુરૂષ સંસારનો ત્યાગ કરે તો પોતાના ચારિત્ર્યથ
ીન હિત કરી શકે. જનસમાજ તેના શુદ્ધ હૃદય અને નિઃસ્વાર્થત
ુણની ખાત્રી થવાથી તેના કહેવા પ્રમાણે દોરાવામાં ઘણીજ તત્પ
અને તેના ઉપદેશથી લાભ મેળવતી થાય. આવા વિચાર શ્રીમ
હતા અને તેની સાથે જનસમાજ આગળ એક સાધુ અને
િક નાયક તરીકે રજુ થવા યોગ્ય સ્થિતિમાં મૂકાયા નથી એમ
માનતા હતા; અને તેથીજ ગૃહસ્થદશાએજ જીવન ગાળવાનુ
ુ રાખ્યું હતું. જ્યારે તેના આંતરિક વિચારો સંસારપ્રત્યે તદ્દ
સીન વર્તતા હતા.

જ્યારે શ્રીમદ્ ૨૧ વર્ષના હતા, ત્યારે તેમણે ધંધામાં પ્રયાણ
અને ઘણા ટુંક વખતમાં એક બાહોશ ઝવેરી તરીકેની નામન
ી. વધતા જતા વ્યાપારની ઉપાધિઓમાં પણ ધર્મ અને તત્ત્વ
ના પોતાના પ્રિય અભ્યાસમાં તેઓએ ખલેલ આવવા દીધી નહિ
ાના ઉદ્યોગરત જીવનમાં ચૂરણીથી જ્ઞાનવૃદ્ધિ કરતા હતા. તેમજ
ાં પુસ્તકોમાં ગુંથાયેલા રહેતા હતા. વળી, [illegible]માં કેટલાક મહિ
ા તો પોતે મુમુક્ષુ [illegible] જતા અને પોતાના પેઢીએ કદી
કે [illegible] [illegible] પોતાની સાથે
[illegible] પણ [illegible] [illegible] તેઓ એકાંત
[illegible] અને [illegible] અને [illegible] અને અ[illegible]
[illegible] વર્ણન કરતા. તેઓ [illegible] પોતે [illegible] અથવા
[illegible] તેની [illegible]
[illegible] [illegible] અને
[illegible]
[illegible]

વ્યાપાર કર્યાને દશ વર્ષ થયા પછી તેમને લાગ્યું કે જે હેતુથી વ્યાપાર-ધંધામાં પ્રયાણ કર્યું હતું તે હેતુ તેઓએ પૂર્ણ કર્યો હતો. તેથી વ્યાપારીની સાથેનો સંબંધ નિવૃત્તવાની ઇચ્છા તેમણે જણાવી. જ્ઞાન, ધનસંપત્તિ, સાંસારિક પદવી, કૌટુંબિક સુખ (કારણ કે તેમને હયાત માતાપિતા, એક પરિણીત બંધુ, ચાર પરિણીત બ્હેનો, સ્ત્રી, બે પુત્ર અને બે પુત્રીઓ હતી) પ્રાપ્ત કરી સંસારનો ત્યાગ કરી સાધુ-મુનિનું જીવન ગાળવાની તેમણે તૈયારી કરી. એટલામાં ૩૨ મા વર્ષની વયે તેમની શારીરિક પ્રકૃતિ નબળી પડી, અને રાજકોટ મુકામે ચૈત્ર વદ ૫, ૧૯૫૭ (૧૯૦૧ ના એપ્રિલની ૯ મી તારીખે) તેઓએ શાંતિથી દેહ વિલય કર્યો.

છૂટી છવાયી કવિતા સિવાય તેમણે કેટલાંક પુસ્તકો લખ્યાં છે. તેમની મોક્ષમાલા ક્યારની પ્રસિદ્ધિ પામી ગઇ છે. આ ગ્રંથ જૈનધર્મની કુંચી સમાન છે. આ તેમણે સત્તર વર્ષની વયે રચ્યો હતો. ઉપરાંત આત્મસિદ્ધિશાસ્ત્ર તથા પંચાસ્તિકાય અને આત્માના વિષયપર કેટલાક નિબંધો છે. જૈનધર્મ તથા તેના તત્વજ્ઞાનનો મુખ્ય સિદ્ધાંત કર્મવાદ છે. કર્મવાદમાં તેમને અખંડ શ્રદ્ધા હતી. તેમણે આ કર્મવાદપર પ્રમાણો સાથે પુસ્તકો લખવાનો અને ભગવાન્ મહાવીરે પ્રકાશેલા સિદ્ધાંતોપર ગ્રંથમાલા લખવાનો વિચાર હતો, પરંતુ દુર્ભાગ્યે તેમ તેમનાથી લાંબી માંદગીને સબબે થઇ શક્યું નહિ. વળી તેમણે ધર્મના કેટલાક કઠિન સિદ્ધાંતો પ્રતિપાદિત કર્યા હતા.

શ્રીમદ્ રાયચંદ્ર દરેક રીતે લાક્ષણિક ચિન્હથી અંકિત પુરુષ હતા એ દર્શાવવાને તેમની જીંદગીની ઉપર દર્શાવેલી લઘુ રેખા પૂરતી છે. તેમની માનસિક શક્તિઓ અદ્ભૂત રીતે ચમત્કૃતિવાળી હતી, તેમજ તેમના ચારિત્ર્યની નૈતિક ઉન્નતિ સૂચિત કરાવનાર હતી. સત્ય પ્રત્યે તેમનો આદર, વ્યાપારમાં અત્યંત ચીવટથી નૈતિક તત્વોને વળગી રહેવાનું વર્તન, ગમે તેટલી વિરૂદ્ધતા છતાં જે ખરૂં તેઓ માનતા તે કરવાની તેમની નિશ્ચયવૃત્તિ, અને તેમનો કર્તવ્ય સંબંધિ ઉચ્ચ આદર્શ જેઓ તેમના સહવાસમાં આવતા તેમનામાં પ્રેરણા કરી તેમને ઉન્નતિની શ્રેણિપર ચઢાવતા. તેમની આકાકૃતિ ડીમાકવાળી ન

હતી, પરંતુ આંતરિક શાંતિ અને ગાંભીર્ય તો તેમનાંજ હતાં. તેમનું ધર્મો તથા તત્વજ્ઞાન સંબંધી વિશાળ અને યથાસ્થિત જ્ઞાન, તેમની સમજાવવાની અદ્ભૂત શક્તિ, અને ઉપદેશ કરવાની તેમની દિવ્ય પદ્ધતિ હોવાથી તેમના ઉપદેશો પૂર્ણ લક્ષપૂર્વક સાંભળવામાં આવતા હતા. ઉશ્કેરનાર સંજોગો હોય ત્યારે પણ તેમનો આત્મસંયમ એટલો બધો પૂર્ણ હતો, તેમની મધ્યસ્થ રીતે સમજાવવાની શક્તિ એટલી બધી મહાન્ હતી, અને તેમની હાજરી એટલી બધી પ્રેરણાત્મક હતી કે જેઓ તેમની સાથે વાદવિવાદ કરી તેમની ઉપર જય મેળવવાની બુદ્ધિએ આવતા તેઓ તદન તેઓથી વશ થઇને તેમની આદરપૂર્વક સ્તુતિ કરતા જતા હતા.

હિંદની વર્તમાન દશાપર શ્રીમદ્ રાજચંદ્રને ખેદ થતો અને તે દૂર કરવાને હમેશાં ઇચ્છા ધરાવતા હતા. વર્તમાન સામાજિક અને રાજકીય પ્રશ્નોપરના તેમના વિચારો ઉદાર હતા.

બધા સુધારકોમાં જે સુધારક પવિત્રતમ આશયથી, અને દાંભિક વૃત્તિ વગર સુધારાનું કાર્ય કર્યા જાય છે તેમને શ્રીમદ્ ઉચ્ચતમ પંક્તિ આપતા. વર્તમાનકાલના ધર્મગુરૂઓનો દોષ એ કારણથી કાઢતા હતા કે તેઓ સ્વસંપ્રદાયના મોહથી આગ્રહી ઉપદેશ કરી કાલના ફેરફારનું લક્ષ રાખતા નથી. પોતાને પ્રભુના અવતાર તરીકે કહેવડાવવાની ઇચ્છાથી પોતાનું ખરૂં કર્તવ્ય વારંવાર ભૂલી જાય છે અને જે શક્તિ પોતાનામાં ન હોય છતાં તેનો દાવો કરવાનો ગર્વ રાખે છે. તેના પાછલાં વર્ષોમાં એ તો સ્પષ્ટ જણાતું હતું કે શ્રીમદ્ પોતાના જીવનનો સંદેશ ધર્મોપદેષ્ટા તરીકે આપવાની તૈયારી કરતા હતા. પરંતુ દુર્ભાગ્યે મરણે વચમાં પડી તે સંદેશ પૂર્ણ થતાં અટકાવ્યો છે, છતાં મુંબઇ ઇલાકાના જૈનોમાં એક નવીન જીવન ઉપજાવવામાં શ્રીમદ્ વિજય પામ્યા છે. સાધારણ રીતે એવું મનાય છે કે જો તેઓ વધુ વખત જીવ્યા હત તો હાલના જૈનધર્મની સંપૂર્ણ દશનક્રાંતિ કરી હત અને મહાન્ મહાવીરે જે વાસ્તવિક ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ લોકોને શિખવ્યો હત. જૈન ધર્મના અનેક ગચ્છભેદો કાઢી નાંખી ભગવાન્ મહાવીરે સ્થાપેલો એક સામાન્ય ધર્મ સ્થાપવાનો તેઓનો વિચાર હતો.—**પાયોનિયર.**

સૂચી.

રાજપદ્ય.

૧

ગ્રંથારંભ પ્રસંગરંગ ભરવા,
કોડે કરું કામના,
બોધુ ધર્મદ મર્મ ભર્મ હરવા,
છે અન્યથા કામના.

ભાખું મોક્ષ સુબોધ ધર્મધનના,
જોડું કથું કામના;
એમાં તત્વવિચાર સત્ય સુખદા,
પ્રેરો પ્રભુ કામના.

૧૬ મા વર્ષે:
વવાણીઆ.

૨

નાભીનંદન નાથ,
વિશ્વવંદન વિજ્ઞાની;
ભવબંધનના ફંદ,
  કરણ ખંડન સુખદાની.

ગ્રંથ પંથ આદ્યંત,
ખંત પ્રેરક ભગવંતા;
અખંડીત અરિહંત,
  તંતધારક જયવંતા.

શ્રી મરુદેવ્યનુ તારણતરણ,
વિશ્વોદ્ધારણ આપ ઠરે;
તે આદ્યજિનેંદ્ર પરમેષ્ઠ પદ,
  રાયચંદ વંદન કરે.

૧૬ મું વર્ષ.
વવાણીઆ.

૩

ભિન્ન ભિન્ન મત દેખીએ,
ભેદ દૃષ્ટિનો એહ;
એક તત્ત્વના મૂળમાં,
વ્યાપ્યા માનો તેહ.

તેહ તત્ત્વરૂપ વૃક્ષનું,
આત્મધર્મ છે મૂળ;
સ્વભાવની સિદ્ધિ કરે,
ધર્મ તે જ અનુકૂળ.

પ્રથમ આત્મસિદ્ધિ થવા,
કરીએ જ્ઞાનવિચાર;
અનુભવી ગુરૂને સેવીએ,
બુધજનનો નિર્ધાર.

ક્ષણુ ક્ષણુ જે અસ્થિરતા,
અને વિભાવિક મોહ;
તે જેનામાંથી ગયા,
તે અનુભવી ગુરૂ જોય.

બાહ્ય તેમ અભ્યંતરે,
ગ્રંથ ગ્રંથિ નહીં હોય;
પરમ પુરૂષ તેને કહો,
સરળ દ્રષ્ટિથી જોય.

બાહ્ય પરિગ્રહ ગ્રંથિ છે,
અભ્યંતર મિથ્યાત્વ;
સ્વભાવથી પ્રતિકૂળતા—

૨૨ મા વર્ષે:
મુમ્બઈ.

આંગત.

૪

મોહનિભાવ વિચાર અધિન થઇ,
ના નિરખું નયને પરનારી.
પથ્થરતુલ્ય ગણું પરવૈભવ,
  નિર્મળ તાત્વિક લોભ સમારી !

દ્વાદશવ્રત અને દીનતા ધરી,
સાત્વિક થાઉં સ્વરૂપ વિચારી;
એ મુજ નેમ સદા શુભ ક્ષેમક,
  નિત્ય અખંડ રહો ભવહારી.

તે ત્રિશલાતનયે મન ચિંતવી,
જ્ઞાન, વિવેક, વિચાર વધારૂં;
નિત્ય વિશોધ કરી નવ તત્વનો
  ઉત્તમ બોધ અનેક ઉચારૂં.

સંશયબીજ ઉગે નહીં અંદર,
જે જિનનાં કથનો અવધારૂં;
રાજ્ય સદા મુજ એજ મનોરથ,
  ધાર, થશે અપવર્ગ, ઉચારૂં.

નથી ધર્યો દેહ વિષય વધારવા;
નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.

૧૭ મા વર્ષઃ
વવાણીઆ.

૫

લઘુ વયથી અદ્ભુત થયો,
તત્ત્વજ્ઞાનનો બોધ;
એ જ સૂચવે એમ કે,
ગતિ અગતિ કાં શોધ ?

જે સંસ્કાર થવો ઘટે,
અતિ અભ્યાસે કાંય;
વિના પરિશ્રમ તે થયો,
ભવશંકા શી ત્યાંય ?

જેમ જેમ મતિઅલ્પતા,
અને મોહ ઉદ્યોત;
તેમ તેમ ભવશંકના,
અપાત્ર અંતર જ્યોત.

કરી કલ્પના દૃઢ કરે,
નાના નાસ્તિ-વિચાર;
પણ 'અસ્તિ' તે સૂચવે,
એ જ ખરો નિર્ધાર.

આ ભવ વણ ભવ છે નહીં,
એ જ તર્ક અનુકૂળ;
વિચારતાં પામી ગયા,
આત્મધર્મનું મૂળ.

૨૨ મા વર્ષે:
મુમ્બઈ.

૬

મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો જલ ગયા,
ભિન્ન કિયા નિજ દેહ.

સમજ પિછેં સબ સરલ હૈ,
બિન સમજ મુશકીલ;
યે મુશકીલી ક્યા કહું ?

ખોજ પિંડ બ્રહ્માંડકા, પત્તા તો લગ જાય;
યેહિ બ્રહ્માંડિ વાસના,
જબ જાવે તબ

આપ આપકું ભૂલ ગયા, ઇનસેં ક્યા અંધેર;
સમર સમર અબ હસત હૈં,
નહિં ભૂલેંગે ફેર.

જહાં કલપના જલપના, તહાં માનું દુઃખ છાંઈ,
મિટે કલપના જલપના,
તબ વસ્તુ તિન પાઈ.

ક્યા ઇચ્છત ? ખોવત સબે, હૈ ઇચ્છા દુઃખમૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ,
મિટે અનાદિ ભૂલ.

ઐસી કહાંસે મતિ ભઈ, આપ આપ હૈ નાહિં.
આપનકું જબ ભૂલ ગયે,
અવર કહાંસેં લાઈ.

[illegible]

૭

હોત આસવા પરિસવા,
નહિં ઇનમેં સંદેહ;
માત્ર દ્રષ્ટિકી ભૂલ હૈ, ભૂલ, ગયે ગત એહિ.

રચના જિનઉપદેશકી,
પરમોત્તમ તિનુ કાલ;
ઇનમેં સબ મત રહત હૈં, કરતેં નિજ સંભાલ.

જિન સોહી હૈ આતમા,
અન્ય હોઈ સો કર્મ;
કર્મ કટે જિનબચનસો, તત્વગ્યાનિકો મર્મ.

જબ જાન્યો નિજરૂપકોં,
તબ જાન્યો સબ લોક;
હોત ન્યૂનસેં ન્યૂનતા,

યહિ દિશાકી મૂઢતા, હૈ નહિં જિનપેં ભાવ;
જિનસેં ભાવ બિનુ કબૂ,
નહિં છૂટત દુઃખદાવ.

વ્યવહારસેં દેવ જિન, નિહચેસેં હૈ આપ;
યહિ બચનસેં સમજ લે;
જિનપ્રવચનકી છાપ,

યહિ નહીં હૈ કલ્પના, યેહી નહીં વિભંગ;
જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ.

૨૩ મા વર્ષે:
મુમ્બઈ.

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
[illegible] બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
[illegible]

દર્શનમોહ વ્યતીત થઇ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્ત્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો.
અપૂર્વ અવસર૦

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્ત્તે દેહપર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો.
અપૂર્વ અવસર૦

સંયમના હેતુથી યોગપ્રવર્ત્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં;
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો.
અપૂર્વ અવસર૦

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્રને કાળ ભાવ પ્રતિબંધવણ,
વિચરવું ઉદયાધીન પણ વીત લોભ જો.
અપૂર્વ અવસર૦

ક્રોધ પ્રત્યે તો વર્ત્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયાપ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભપ્રત્યે નહીં લોભ સમાન જો.
અપૂર્વ અવસર૦

બહુ ઉપસર્ગકર્ત્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રિ તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.
અપૂર્વ અવસર૦

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંત ધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ, કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો.
અપૂર્વ અવસર૦

શત્રુ મિત્રપ્રત્યે વર્ત્તે સમદર્શિતા,
માન અમાને વર્ત્તે તેજ સ્વભાવ જો;
જીવિત, કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્ત્તે સમભાવ જો.
અપૂર્વ અવસર૦

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.
અપૂર્વ અવસર૦

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં, મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિકદેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો.
અપૂર્વ અવસર૦

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો.
અપૂર્વ અવસર૦

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવલજ્ઞાન નિધાન જો.
અપૂર્વ અવસર૦

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવના બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો.
અપૂર્વ અવસર૦

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ્ પૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો.
અપૂર્વ અવસર૦

મન વચન કાયા ને કર્મની વર્ગણા,
છુટે જહાં સકળ પુદ્ગળ સંબંધ જો;
એવું અયોગિ ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો.
અપૂર્વ અવસર૦

એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણકલંકરહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરૂ લઘુ અમૂર્ત્ત સહજપદરૂપ જો.
અપૂર્વ અવસર૦

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન, જ્ઞાન, અનંતસહિત જો.
અપૂર્વ અવસર૦

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન્ જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર૦

એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગરને હાલ મનોરથરૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તેજ સ્વરૂપ જો.
અપૂર્વ અવસર૦

૯

ધન્ય રે દિવસ આ અહો,
જાગી રે શાંતિ અપૂર્વ રે;
દશ વર્ષે રે ધારા ઉલસી,
મટ્યો ઉદયકર્મનો ગર્વ રે.
ધન્ય રે દિવસ આ અહો.

ઓગણીસેં ને એકત્રીસે,
આવ્યો અપૂર્વ અનુસાર રે;
ઓગણીસેં ને બેતાલીસે,
અદ્ભુત વૈરાગ્યધાર રે.
ધન્ય રે દિવસ આ અહો.

ઓગણીસેં ને સુડતાલીસે,
સમકીત શુદ્ધ પ્રકાસ્યું રે;
શ્રુત અનુભવ વધતી દશા,
નિજ સ્વરૂપ અવભાસ્યું રે.
ધન્ય રે દિવસ આ અહો.

ત્યાં આવ્યો રે ઉદય કારમો,
પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ,
તેમ વધે ન ઘટે રંચ રે.
ધન્ય રે દિવસ આ અહો.

વધતું એમ જ ચાલિયું,
હવે દીસે ક્ષીણ કાંઈ રે;
ક્રમે કરીને રે તે જશે,
એમ ભાસે મનમાંહિ રે.
ધન્ય રે દિવસ આ અહો.

યથાહેતુ જે ચિત્તનો,
સત્ય ધર્મનો ઉદ્ધાર રે;
થશે અવશ્ય આ દેહથી,
એમ થયો નિરધાર રે.
ધન્ય રે દિવસ આ અહો.

આવી અપૂર્વ વૃત્તિ અહો,
થશે અપ્રમત્ત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા,
સ્પર્શીને દેહ વિયોગ રે.
ધન્ય રે દિવસ આ અહો.

અવશ્ય કર્મનો ભોગ છે,
ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને,
જાશું સ્વરૂપ સ્વદેશ રે.
ધન્ય રે દિવસ આ અહો.

૨૪ મા વર્ષ:
મુમ્બઈ.

અવધાનમાં.

સોળ અને સત્તર વર્ષની મધ્યમાં શ્રીમદ્ રાયચંદ્રની અવધાન અવસ્થાનો પ્રારંભ થાય છે. પ્રથમ 'અષ્ટાવધાન,' પછી અનુક્રમે 'બાર,' 'સોળ,' 'બાવન' અને છેવટે 'શતાવધાન' પર્યંત સ્થિતિ કરી, એકવીશમા વર્ષે અવધાન કરવાનું સર્વથા બંધ કર્યું.

અવધાનની અન્યક્રિયાઓપ્રત્યે દષ્ટિ રાખી, પરસ્પર વિરૂદ્ધ પ્રસંગોની અવિરૂદ્ધ સંબંધ-દર્શક પાદપૂર્તિ કરતાં કે 'કાંકરો' 'પિચકારી' જેવા નિર્જીવ વિષયો પર શીઘ્રકાવ્યરચના કરતાં પણ વૃત્તિલક્ષ્ય, 'ધર્મ' અને 'વૈરાગ્ય' પ્રતિ સ્થિર થયેલ કાવ્યયોજના દર્શાવે છે.

૧૦

ધર્મવિના ધન ધામ, ધાન્ય ધૂળધાણી ધારો;
ધર્મવિના ધરણીમાં, ધિક્કતા ધરાય છે.

ધર્મવિના ધીમંતની, ધારણાઓ ધોખો ધરે;
ધર્મવિના ધર્યું ધૈર્ય, ધુમ્ર ધૈ ધમાય છે.

ધર્મવિના ધરાધર, ધુતારી ન ધામધુમે;
ધર્મવિના ધ્યાની ધ્યાન, ઢોંગ ઢંગે ધાય છે;

ધારો ધારો ધવળ, સુધર્મની ધુરધરતા;
ધન્ય ધન્ય ધામે ધામે, ધર્મથી ધરાય છે.

એમ સુચવે ડાંકરો,
દિસ બોલીને દેખ,
મનખા દેરા મુજરબા,
વિના ધર્મથા હેખ.

સંસારમાં મન અરે ! કેમ મોહ પામે ?
વૈરાગ્યમાં [illegible];
[illegible] અરે ! [illegible] હરે [illegible],
"[illegible]-પુષ્પદંત" [illegible] વધારી.

બનાવી છે કેવી,
સુઘડ પિચકારી સુચવતી;
બધી જૂઠી માયા,
મનન કર એવું મનવતી.
નથી સાચી મારી,
ચટક સહુ શિક્ષા કથનમાં;
ઉરે ધારી જો જો,
વિનયઅરજી આ મથનમાં.

ગુચ્છાના ગુણ આ તમામ વદતા,
રક્ષા કરે જંતુની;
રાખે જાળવણી કરી શરીરની,
આવ્યા કને અંતુની.
રે! રક્ષા કરવી ઘટે શરણની,
એવું સદા સુચવે;
જો ઇચ્છો તરવા ભવીજન ઘરો,
તો તો ગુચ્છો જે કવે.

વડોદરે વસેલ આ, સયાજીરાવ સાંભરે,
અનિયતિ નસીબની ગતિ વની થયો ખરે!
ધણી છતાં મલ્હારરાવ,
કેદમાં ગયા અરે!
મતિ વિચિત્ર કર્મની,
તું શું શોક શું ધરે?

૧૯ મા વર્ષે:

ઉપશમ.

૧૧

શાંતિકે સાગર અરૂ, નીતિકે નાગર નેક;
દયાકે આગર ગ્યાન, ધ્યાનકે નિધાન હો.
શુદ્ધ બુદ્ધિ બ્રહ્મચારી, મુખબાનિ પૂર્ણ પ્યારી;
સજ્જનકે હિતકારી, ધર્મકે ઉદ્યાન હો.
રાગદ્વેષસેં રહિત, પરમ પુનીત નિત્ય;
ગુનસેં ખચિત ચિત્ત, સજ્જન સમાન હો.
રાયચંદ્ર ધૈર્ય પાળ, ધર્મઢાલ ક્રોધકાલ;
મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન્ હો.—

માયા, માન, મનોજ, મોહ, મમતા, મિથ્યાત્ મોડી મુનિ,
ધોરી ધર્મ ધરેલ ધ્યાન ધરથી,
ધારેલ ધૈર્ય ધુની;
છે સંતોષ સુશીલ સૌમ્ય સમતા, ને શીયળે ચંદના,
નીતિ રાય દયા, ક્ષમાધર મુનિ,
કોટી કરૂં વંદના.

જ્ઞાની કે અજ્ઞાનીજન, સુખ દુઃખરહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.
જન્મ જરા ને મૃત્યુ,
મુખ્ય દુઃખના હેતુ;
કારણ તેના બે કહ્યા,
રાગદ્વેષ અણુહેતુ.

૧૫ મા વર્ષે;
મોરબીઃ

૧૨

મોતીતણી માળા ગળામાં, મૂલ્યવંતી મલકતી,
હીરાતણા શુભ હારથી, બહુ કંઠકાંતિ ઝળકતી.

આભૂષણોથી ઓપતા,
ભાગ્યા મરણને જોઇને,
જન જાર્ણીએ મન માનીએ,
નવ કાળ મૂકે કોઇને.

મણિમય મુગટ માથે ધરીને, કર્ણ કુંડળ નાખતા,
કાંચન કડાં કરમાં ધરી, કશીએ કચાશ ન રાખતા.

પળમાં પડ્યા પૃથ્વીપતિ એ,
ભાન ભૂતળ ખોઇને,
જન જાર્ણીએ મન માનીએ,
નવ કાળ મૂકે કોઇને.

દશ આંગળીમાં માંગળિક મુદ્રા જડિત માણિક્યથી,
જે પરમ પ્રેમે પેં'રતા, પોંચી કળા બારીકથી.

એ વેઢ વીંટી સર્વ છોડી,
ચાલિયા મુખ ધોઇને,
જન જાર્ણીએ મન માનીએ,
નવ કાળ મૂકે કોઇને.

મુછ વાંકડી કરી ફાંકડા થઇ, લીંબુ ધરતા તે પરે,
કાપેલ રાખી કાતરા, હર કોઇનાં હૈયાં હરે.
એ સાંકડીમાં આવિયા,
છટક્યા તજી સહુ સોઇને,
જન જાણીએ મન માનીએ,
નવ કાળ મૂકે કોઇને.

છ ખંડના અધિરાજ જે, ચંડે કરીને નીપજ્યા,
બ્રહ્માંડમાં બળવાન થઇને, ભૂપ ભારે ઊપજ્યા.
એ ચતુર ચક્રી ચાલિયા,
હોતા નહોતા હોઇને,
જન જાણીએ મન માનીએ,
નવ કાળ મૂકે કોઇને.

જે રાજનીતિનિપુણતામાં, ન્યાયવંતા નીવડ્યા,
અવળા કર્યે જેના બધા, સવળા સદા પાસા પડ્યા.
એ ભાગ્યશાળી ભાગિયા તે,
ખટપટો સૌ ખોઇને,
જન જાણીએ મન માનીએ,
નવ કાળ મૂકે કોઇને.

તરવારબહાદુર ટેકધારી, પૂર્ણતામાં પેખિયા,
[illegible] હાથે [illegible] એ [illegible];
એવા ભલા બહાદુર તે,
અંતે રહ્યા રોઇને,
જન જાણીએ મન માનીએ,

૧૪

સાહ્યબી સુખદ હોય, માનતણો મદ હોય,
  ખમા ખમા ખુદ હોય, તે તે કયા કામનું ?
જુવાનીનું જોર હોય, ઍશનો અંકોર હોય,
  દોલતનો દોર હોય, એ તે સુખ નામનું;
વનિતા વિલાસ હોય, પ્રૌઢતા પ્રકાશ હોય,
  દક્ષ જેવા દાસ હોય, હોય સુખ ધામનું;
વદે રાયચંદ એમ, સદ્ધર્મને ધાર્યો વિના,
  જાણી લે જે સુખ એ તો, બેએ જ બદામનું !
મોહ માન મોડવાને, ફેલપણું ફોડવાને,
  જાળફંદ તોડવાને, હેતે નિજ હાથથી;
કુમતિને કાપવાને, સુમતિને સ્થાપવાને,
  મમત્વને માપવાને, સકલ સિદ્ધાંતથી.
મહા મોક્ષ માણવાને, જગદીશ જાણવાને,
  અજન્મતા આણવાને, વળી ભલી ભાતથી.
અલૌકિક અનુપમ, સુખ અનુભવવાને,
  ધર્મ ધારણાને ધારો, ખરે ખરી ખાંતથી.
દિનકર વિના જેવો, દિનનો દેખાવ દીસે,
  શશિ વિના જેવી રીતે, શર્વરી સુહાય છે.

પ્રજાપતિ વિના જેવી, પ્રજા પુરતણી પેખો,
સુરસ વિનાની, જેવી, કવિતા કહાય છે.

સલીલ વિહીન જેવી, સરીતાની શોભા અને,
ભર્ત્તાર વિહીન જેવી, ભામિની ભળાય છે.

વદે રાયચંદ વીર, સદ્ધર્મને ધાર્યા વિના,
માનવી મહાન તેમ, કુકર્મી કળાય છે.

ચાતુરે ચોંપેથી ચાહી, ચિંતામણી ચિત્ત ગણે;
પંડિતો પ્રમાણે છે, પારસમણી પ્રેમથી.

કવિયો કલ્યાણકારી, કલ્પતરૂ કથે જેને;
સુધાનો સાગર કથે, સાધુ શુભ ક્ષેમથી.

આત્મના ઉદ્ધારને, ઉમંગથી અનુસરો જો;
નિર્મળ થવાને કાજે, નમો નીતિ નેમથી.

વદે રાયચંદ વીર, એવું ધર્મરૂપ જાણી;
ધર્મવૃત્તિ ધ્યાન ધરજો, વિલખો ન વેગથી.

૧૫ મા વર્ષે
વવાણીઆ

૧૪

જળ હળ જ્યોતિસ્વરૂપ તું,
કેવળ કૃપાનિધાન;
પ્રેમ પુનિત તુંજ પ્રેરજે,
ભય ભંજન ભગવાન.

નિત્ય નિરંજન નિત્ય છો,
ગંજન ગંજ ગુમાન;
અભિવંદન અભિવંદના,
ભય ભંજન ભગવાન.

ધર્મ ધરણ તારણ તરણ,
શરણ ચરણ સન્માન;
વિઘ્નહરણ પાવન કરણ,
ભય ભંજન ભગવાન.

ભદ ભરણ ભ્રાંતિ હરણ,
સુધા ઝરણ શુભવાન;
ક્લેશ હરણ ચિંતા ચુરણ,
ભય ભંજન ભગવાન.

અવિનાશી અરિહંત તું,
એક અખંડ અમાન;
અજર અમર અણુજન્મ તું,
ભય ભંજન ભગવાન.

આનંદી અપવર્ગિ તું,
અકળ ગતી અનુમાન;
આશિષ અનુકૂળ આપજે,
ભય ભંજન ભગવાન.

નિરાકાર નિર્લેપ છો,
નિર્મળ નીતિ નિધાન;
નિર્મોહક નારાયણા,
ભય ભંજન ભગવાન.

સચરાચર સ્વયંભૂ પ્રભૂ,
સુખદ સોંપજે સાન;
સૃષ્ટિનાથ સર્વેશ્વરા,
ભય ભંજન ભગવાન.

સંકટ શોક સકળ હરણ,
નૌતમ જ્ઞાન નિદાન;
[illegible] વિકળ આગળ કરો,
ભય ભંજન ભગવાન.

આધિ વ્યાધિ ઉપાધિને,
કરો તંત નિદાન;
[illegible],
ભય ભંજન ભગવાન.

[illegible],
[illegible];
[illegible],
[illegible]

શક્તિ શિશુને આપશો,
ભક્તિ મુક્તિનું દાન;
તુજ જુક્તિ જાહેર છે,
ભય ભંજન ભગવાન.

નીતિ પ્રીતિ નમ્રતા,
ભલી શક્તિનું ભાન;
આર્ય પ્રજાને આપશો,
ભય ભંજન ભગવાન.

દયા શાંતિ ઔદાર્યતા,
ધર્મ મર્મ મન ધ્યાન;
સંપ જંપ વણ કંપ દે,
ભય ભંજન ભગવાન.

હર આળસ એદીપણું,
હર અઘ ને અજ્ઞાન;
હર ભ્રમણા ભારત તણી,
ભય ભંજન ભગવાન.

તનમન ધનને અન્નનું,
દે સુખ સુધા સમાન;
આ અવનીનું કર ભલું,
ભય ભંજન ભગવાન.

વિનય વિનંતિ રાયની,
ધરો કૃપાથી ધ્યાન;
માન્ય કરો મહારાજને,
ભય ભંજન ભગવાન.

૧૬ મા વર્ષે:
મોરબી.

૧૫

વિદ્યુતલક્ષ્મી પ્રભુતાપતંગ,
આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ,
શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ !

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે,
એના વિના કોઇ ન બાંહ્ય સ્હાશે.

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય,
તે કોઈ અન્યે લઇ ના શકાય;
એ ભોગવે એક સ્વ આત્મ પોતે,
એકત્વ એથી નય સુજ્ઞ ગોતે.

ના મારાં તન રૂપ કાંતિ યુવતિ,
ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહિયો સ્વજન કે,
ના ગોત્ર કે જ્ઞાત ના;

ના મારાં ધન ધામ યૌવન ધરા,
એ મોહ અજ્ઞાત્વના,
રે ! રે ! જીવ વિચાર એમજ સદા,
અન્યત્વદા ભાવના.

રાણી સર્વ મળી સુચંદન ઘસી, ને ચર્ચવામાં હતી,
બૂઝ્યો ત્યાં કકળાટ કંકણતણો, શ્રોતી નમી ભૂપતી;
સંવાદે પણ ઇંદ્રથી દ્રઢ રહ્યો, એકત્વ સાચું કર્યું,
એવા એ મિથિલેશનું ચરિત આ, સંપૂર્ણ અત્રે થયું.

ખાસું મુત્રને મળની,
રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને,
માન ત્યજીને કર સાર્થક આમ.

દેખી આંગલિ આપ એક અડવી, વૈરાગ્ય વેગે ગયા,
છાંડી રાજસમાજને ભરતજી, કૈવલ્ય જ્ઞાની થયા;
ચોથું ચિત્ર પવિત્ર એજ ચરિતે, પામ્યું અહીં પૂર્ણતા;
જ્ઞાનીનાં મન તેહ રંજન કરો, વૈરાગ્યભાવે યથા.

અનંત સૌખ્ય નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા !
અનંત દુઃખ નામ સૌખ્ય, પ્રેમ ત્યાં-વિચિત્રતા !!
ઉઘાડ ન્યાય નેત્રને,
નિહાળ રે ! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી,
તે પ્રવૃત્તિ બાળ તું.

જ્ઞાન, ધ્યાન વૈરાગ્યમય,
ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના,
તે ઉતરે ભવપાર.

૧૭ મા વર્ષે:
વવાણીઆ:

૧૬

શુભ શીતળતામય છાંય રહી,
મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
જિન ભક્તિ ગ્રહો તરૂકલ્પ અહો,
ભજીને ભગવંત ભવંત લહો.

નિજ આત્મસ્વરૂપ મુદા પ્રગટે,
મન તાપ ઉતાપ તમામ મટે;
અતિ નિર્જરતા વણ દામ ગ્રહો,
ભજીને ભગવંત ભવંત લહો.

સમભાવિ સદા પરિણામ થશે,
જડમંદ અધોગતિ જન્મ જશે;
શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો,
ભજીને ભગવંત ભવંત લહો.

શુભ ભાવવડે મન શુદ્ધ કરો,
નવકાર મહા પદને સમરો;
નહિ એહ સમાન સુમંત્ર કહો,
ભજીને ભગવંત ભવંત લહો.

કરશો ક્ષય કેવળ રાગ કથા,
ધરશો શુભ તત્ત્વસ્વરૂપ યથા;
નૃપચંદ્ર પ્રપંચ અનંત દહો,
ભજીને ભગવંત ભવંત લહો.

[illegible]

૧૭

હે ભગવાન્!। હું બહુ ભૂલી ગયો,।
મેં તમારાં। અમૂલ્ય વચનોને।
લક્ષમાં લીધાં નહીં.।

તમારાં કહેલાં। અનુપમ તત્વને।
મેં વિચાર કર્યો નહીં.।

તમારા પ્રણીત કરેલા।
ઉત્તમ શીળને। સેવ્યું નહીં,।

તમારા કહેલા। દયા, શાંતિ,।
ક્ષમા। અને પવિત્રતા।
મેં ઓળખ્યા નહીં.।

હે ભગવાન્!। હું ભૂલ્યો,।
આથડ્યો,। રઝળ્યો।
અને અનંત સંસારની।
વિટંબણામાં પડ્યો છું.।

હું પાપી છું,। હું બહુ મદોન્મત્ત।
અને કર્મ રજથી કરીને। મલીન છું.।

હે પરમાત્મા !। તમારાં કહેલાં। તત્ત્વો વિના।
મારો મોક્ષ નથી.।

હું નિરંતર। પ્રપંચમાં પડ્યો છું.।
અજ્ઞાનથી અંધ। થયો છું.।

મારામાં। વિવેકશક્તિ નથી,।
અને હું મૂઢ છું,। નિરાશ્રિત છું,। અનાથ છું।

નિરાગી પરમાત્મા! હવે હું તમારું
તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું.

મારા અપરાધ ક્ષય થઈ
હું તે સર્વ પાપથી મુક્ત થઉં,
એ મારી અભિલાષા છે.

આગળ કરેલાં પાપોનો હું હવે
પશ્ચાત્તાપ કરું છું.

જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું
તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો
મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.

તમે નિરાગી,। નિર્વિકારી,। સત્ચિદાનંદ સ્વરૂપ,।
સહજાનંદી। અનંતજ્ઞાની,।
અનંતદર્શી અને ત્રૈલોક્ય પ્રકાશક છો.।

હું માત્ર મારા। હિતને અર્થે।
તમારી સાક્ષીએ। ક્ષમા ચાહું છું.।

એક પળ પણ। તમારા કહેલાં।
તત્ત્વની। શંકા ન થાય;।
તમારા કહેલા। રસ્તામાં। અહોરાત્ર। હું રહું;।
એજ મારી। આકાંક્ષા અને વૃત્તિ। થાઓ.

હે સર્વજ્ઞ ભગવાન!। તમને હું। વિશેષ શું કહું.।
તમારાથી। કાંઈ અજાણ્યું નથી.।
માત્ર પશ્ચાત્તાપથી। હું કર્મજન્ય।
પાપની। ક્ષમા ઇચ્છું છું.।

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૧૭ મા વર્ષે;
વવાણીઆ:

૧૮

હતી દીનતાઈ ત્યારે તાકી પટેલાઈ અને,
મળી પટેલાઈ ત્યારે તાકી છે શેઠાઈને;
સાંપડી શેઠાઈ ત્યારે તાકી મંત્રિતાઈ અને,
આવી મંત્રિતાઈ ત્યારે તાકી નૃપતાઈને.
મળી નૃપતાઈ ત્યારે તાકી દેવતાઈ અને,
દીઠી દેવતાઈ ત્યારે તાકી શંકરાઈને;
અહો! રાજ્યચંદ્ર માનો માનો શંકરાઈ મળી (!)
વધે તૃષ્ણાઈ તોય જાય ન મરાઈને.

કરોચલી પડી દાઢી ડાચાંતણો દાટ વળ્યો,
કાળી કેશપટી વિષે શ્વેતતા છવાઈ ગઈ;
સૂંઘવું સાંભળવું ને દેખવું તે માંડી વાળ્યું,
તેમ દંત-આવલી તે, ખરી, કે ખવાઈ ગઈ;
વળી કેડ વાંકી હાડ ગયાં અંગરંગ ગયો,
ઉઠવાની આથ જતાં લાકડી લેવાઈ ગઈ;
અરે! રાજ્યચંદ્ર એમ, યુવાની હરાઈ પણ,
મનથી ન તોય રાંડ, મમતા મરાઈ ગઈ.

તમે નિરાગી! નિર્વિકારી! સચ્ચિદાનંદ સ્વરૂપ!
સુખકંદ! આનંદઘન!
આનંદરૂપ અને ચૈતન્ય પ્રકાશક છો!

હું આજ મારાં નિત્યે આવી
તમારી આરતિ [illegible] છું!

[illegible]

[illegible]

[illegible]

ભક્તિ.

કરોડોના કરજના, શીર પર ડંકા વાગે,
રોગથી રૂંધાઇ ગયું, શરીર સૂકાઇને;
પુરપતિ પણ માથે, પીડવાને તાકી રહ્યો,
પેટ તણી વેઠ પણ, શકે ન પુરાઇને;
પિતૃ અને પરણી તે, મચાવે અનેક ધંધ,
પુત્ર, પુત્રી ભાખે ખાઉં ખાઉં દુઃખદાઇને,
અરે! રાજચંદ્ર તોય જીવ ઝાવા દાવા કરે,
જંજાળ છંડાય નહીં તજી જીવ તૃષ્ણાઇને.

થઇ ક્ષીણ નાડી અવાચક જેવો રહ્યો પડી,
જીવન દીપક પામ્યો કેવળ ઝંખાઇને;
છેલી ઇસે પડયો ભાળી ભાઇએ ત્યાં એમ ભાખ્યું,
હવે ટાઢી માટી થાય તો તો ઠીક ભાઇને;
હાથને હલાવી ત્યાં તો ખીજી બુઢે સૂચવ્યું એ,
બોલ્યા વિના બેશ બાળ તારી ચતુરાઇને!
અરે! રાજચંદ્ર દેખો દેખો આશાપાશ કેવો!
જતાં ગઈ નહીં ડોસે મમતા મરાઇને!

૧૭ મા વર્ષ:
વવાણીઆ.

ભક્તિ.

કરોડોના કરજના, શીર પર ડંકા વાગે,
રોગથી રૂંધાઇ ગયું, શરીર સૂકાઇને;
પુરપતિ પણ માથે, પીડવાને તાકી રહ્યો,
પેટ તણી વેઠ પણ, શકે ન પુરાઇને;
પિતૃ અને પરણી તે, મચાવે અનેક ધંધ,
પુત્ર, પુત્રી ભાખે ખાઉં ખાઉં દુઃખદાઇને,
અરે! રાજ્યચંદ્ર તોય જીવ ઝાવા દાવા કરે,
જંજાળ છંડાય નહીં તજી જીવ તૃષ્ણાઇને.

થઇ ક્ષીણ નાડી અવાચક જેવો રહ્યો પડી,
જીવન દીપક પામ્યો કેવળ ઝંખાઇને;
છેલી ઇસે પડયો ભાળી ભાઇએ ત્યાં એમ ભાખ્યું,
હવે ટાઢી માટી થાય તો તો ઠીક ભાઇને;
હાથને હલાવી ત્યાં તો ખીજી બુઢ્ઢે સૂચવ્યું એ,
બોલ્યા વિના બેશ બાળ તારી ચતુરાઇને!
અરે! રાજ્યચંદ્ર દેખો દેખો આશાપાશ કેવો!
જતાં ગઇ નહીં ડોસે મમતા મરાઇને!

૧૭ મા વર્ષે:
વવાણીઆ.

ભક્તિ.

કરોડોના કરજના, શીર પર ડંકા વાગે,
રોગથી રૂંધાઇ ગયું, શરીર સૂકાઇને;
પુરપતિ પણ માગે, પીડવાને તાકી રહ્યો,
પેટ તણી વેઠ પણ, શકે ન પુરાઇને;
પિતૃ અને પરણી તે, મચાવે અનેક ધંધ,
પુત્ર, પુત્રી ભાખે ખાઉં ખાઉં દુ:ખદાઇને,
અરે! રાજ્યચંદ્ર તોય જીવ ઝાવા દાવા કરે,
જંજાળ છંડાય નહીં તજી જીવ તૃષ્ણાઇને.

થઇ ક્ષીણ નાડી અવાચક જેવો રહ્યો પડી,
જીવન દીપક પામ્યો કેવળ ઝંખાઇને;
છેલ્લી ઇસે પડયો ભાળી ભાઇએ ત્યાં એમ ભાખ્યું,
હવે ટાઢી માટી થાય તો તો ઠીક ભાઇને;
હાથને હલાવી ત્યાં તો ખીજી બુઢે સૂચવ્યું એ,
બોલ્યા વિના બેશ બાળ તારી ચતુરાઇને!
અરે! રાજ્યચંદ્ર દેખો દેખો આશાપાશ કેવો!
જતાં ગઈ નહીં ડોસે મમતા મરાઇને!

૧૭ મા વર્ષે:
વવાણીઆ.

૨૦

તપોપધ્યાને રવિરૂપ થાવ,
એ સાધિને સોમ રહી સુહાવ;
મહાન તે મંગળ પંક્તિ પામે;
આવે પછી તે બુધનાં પ્રણામે.
નિર્ગ્રંથજ્ઞાતા ગુરુ સિદ્ધ દાતા,
કાં તો સ્વયં શુક્ર પ્રપૂર્ણ ખ્યાતા;
ત્રિયોગ ત્યાં કેવળ મંદ પામે,
સ્વરૂપ સિદ્ધે વિચરી વિરામે.

૧૭ આ ક્ષણે.
[illegible]

૨૧

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું,
દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું,
ભાજન છું કરૂણાળ.

શુદ્ધ ભાવ મુજમાં નથી,
નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા,
શું કહું પરમ સ્વરૂપ ?

નથી આજ્ઞા ગુરૂદેવની,
અચળ કરી ઉરમાંહિ;
આપતણો વિશ્વાસ દ્રઢ,
ને પરમાદર નાંહિ.

જોગ નથી સત્સંગનો,
નથી સત્ સેવા જોગ;
  કેવળ અર્પણતા નથી,
  નથી આશ્રય અનુયોગ.

'હું પામર શું કરી શકું',
એવો નથી વિવેક;
  ચરણ શરણ ધીરજ નથી,
  મરણ સુધીની છેક.

અચિંત્ય તુજ માહાત્મ્યનો,
નથી પ્રફુલ્લિત ભાવ;
  અંશ ન એકે સ્નેહનો,
  ન મળે પરમ પ્રભાવ.

અચળરૂપ આસક્તિ નહિ,
નહિ વિરહનો તાપ;
  કથા અલભ્ય તુજ પ્રેમની,
  નહિ તેનો પરિતાપ.

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ,
નહિ ભજન દૃઢ ભાન;
  સમજ નહિ નિજધર્મની,
  નહિ શુભ દેશે સ્થાન.

૨૧

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું,
દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું,
ભાજન છું કરૂણાળ.

શુદ્ધ ભાવ મુજમાં નથી,
નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા,
શું કહું પરમ સ્વરૂપ !

નથી આજ્ઞા ગુરૂદેવની,
અચળ કરી ઉરમાંહિ;
આપતણો વિશ્વાસ દૃઢ,
ને પરમાદર નાંહિ.

જોગ નથી સતસંગનો,
નથી સત સેવા જોગ;
કેવળ અર્પણતા નથી,
નથી આશ્રય અનુયોગ.

'હું પામર શું કરી શકું',
એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી,
મરણ સુધીની છેક.

અચિંત્ય તુજ મહાત્મનો,
નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો,
ન મળે પરમ [illegible]

[illegible]
નહિ વિરહનો [illegible]
કથા [illegible]
નહિ તેનો [illegible]

[illegible]
નહિ [illegible]
[illegible]
નહિ [illegible]

૨૧

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું,
દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું,
ભાજન છું કરૂણાળ.

શુદ્ધ ભાવ મુજમાં નથી,
નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા,
શું કહું પરમ સ્વરૂપ ?

નથી આજ્ઞા ગુરૂદેવની,
અચળ કરી ઉરમાંહિ;
આપતણો વિશ્વાસ દ્રઢ,
ને પરમાદર નાંહિ.

જોગ નથી સત્સંગનો,
નથી સત્ સેવા જોગ;
  કેવળ અર્પણતા નથી,
  નથી આશ્રય અનુયોગ.

'હું પામર શું કરી શકું',
એવો નથી વિવેક;
  ચરણ શરણ ધીરજ નથી,
  મરણ સુધીની છેક.

અચિંત્ય તુજ મહાત્મનો,
નથી પ્રફુલ્લિત ભાવ;
  અંશ ન એકે સ્નેહનો,
  ન મળે પરમ પ્રભાવ.

અચળરૂપ આસક્તિ નહિ,
નહિ વિરહનો તાપ;
  કથા અલભ્ય તુજ પ્રેમની,
  નહિ તેનો પરિતાપ.

ભક્તિમાર્ગે પ્રવેશ નહિ,
નહિ ભજન દઢ ભાન;
  સમજ નહિ નિજધર્મની,
  નહિ શુભ દેશે સ્થાન.

[illegible] [illegible] [illegible],
નહિ [illegible] [illegible];
[illegible] નહિ વ્યાકુળતા,
[illegible] [illegible] [illegible] [illegible],

[illegible] [illegible] [illegible],
તે [illegible] નહીં [illegible];
[illegible] [illegible] નહિ,
[illegible] [illegible] [illegible] [illegible].

[illegible] [illegible] [illegible] નહીં,
[illegible] [illegible] [illegible] [illegible],
[illegible] [illegible] [illegible],
[illegible] [illegible] [illegible].

કેવળ કરુણા-મૂર્તિ છો,
દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું,
ગ્રહો પ્રભુજી હાથ.

અનંત કાળથી આથડ્યો,
વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુસંતને,
મૂક્યું નહિ અભિમાન.

સંત ચરણ આશ્રય વિના,
સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો,
ઉગ્યો ન અંશ વિવેક.

બહુ સાધન બંધન થયાં,
રહ્યો ન કોઈ ઉપાય;
સતસાધન સમજ્યો નહિ,
ત્યાં બંધન શું જાય.

પ્રભુ, પ્રભુ લય લાગી નહિ,
પડ્યો ન સદ્‌ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો,
તરિયે કોણ ઉપાય?

૨૩

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો, આંટો નહીં એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ?

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો.
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહિ અહોહો ! એક પળ તમને હવો !!!

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે;
એ દિવ્ય શક્તિમાન જેથી, જંજિરેથી નીકળે !!
પર વસ્તુમાં નહિ મુંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે, પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ.

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં.

તે પ્રાપ્ત કરવા વચન કોનું, સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો, 'તેહ' જેણે અનુભવ્યું',
રે! આત્મ તારો! આત્મા તારો!, શીઘ્ર એને ઓળખો;
સર્વાત્મમાં સમદષ્ટિ દ્યો,
આ વચનને હૃદયે લખો.

૧૭ મા વર્ષે:
વવાણીઆ.

પુષ્પપાંખડી જ્યાં દૂભાય,
જિનવરની ત્યાં નહીં આજ્ઞાય;
સર્વ જીવનું ઇચ્છો સુખ,
મહાવીરની શિક્ષા મુખ્ય.

સર્વ દર્શને એ ઉપદેશ,
એ એકાંતે નહીં વિશેષ;
સર્વ પ્રકારે જિનનો બોધ;
દયા દયા નિર્મળ અવિરોધ !

એ ભવતારક સુંદર રાહ,
ધરિયે તરિયે કરી ઉત્સાહ;
ધર્મ સકળનું એ શુભ મૂળ,
એ વણ ધર્મ સદા પ્રતિકૂળ.

તત્ત્વરૂપથી એ ઓળખે,
તે જન પ્હોંચે શાશ્વત સુખે;
શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ,
રાજ્યચંદ્ર કરુણાએ સિદ્ધ.

મા વર્ષે:
વાણીઆ.

૨૫

નિરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન;
ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન.

આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
એ ત્યાગી, ત્યાગ્યું બધું, કેવળ શોક સ્વરૂપ.

એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ, પૂર ને અધિકાર.

વિષયરૂપ અંકૂરથી, ટળે જ્ઞાન ને ધ્યાન;
લેશ મદીરાપાનથી, છાકે જયમ અજ્ઞાન.

જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઇ.

સુંદર શીયળ સુરતરૂ, મન વાણી ને દેહ;
જે નરનારી સેવશે, અનુપમ ફળ લે તેહ.

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.

૧૭ મા વર્ષે:
વવાણીઆ.

વિજ્ઞાન.

૨૬

લોક પુરુષ સંસ્થાને કહ્યો,
એનો ભેદ તમે કંઈ લહ્યો ?
એનું કારણ સમજ્યા કાંઈ,
કે સમજાવ્યાની ચતુરાઈ.

શરીર પરથી એ ઉપદેશ,
જ્ઞાન, દર્શન કે ઉદ્દેશ;
જેમ જણાવો, સુણિયે તેમ,
કાં તો લઈએ દઈએ ક્ષેમ.

શું કરવાથી પોતે સુખી,
શું કરવાથી પોતે દુઃખી;
પોતે શું ? ક્યાંથી છે આપ,
એનો માગો શીઘ્ર જવાપ.

જ્યાં શંકા ત્યાં ગણુ સંતાપ,
જ્ઞાન તહાં શંકા નહીં સ્થાપ;
પ્રભુ-ભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન,
પ્રભુ મેળવવા ગુરુ ભગવાન.

ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય,
તે ઉપજવા પૂર્વિક ભાગ્ય,
તેમ નહીં તો કંઈ સત્સંગ,
તેમ નહીં તો કંઈ દુઃખરંગ.

જે ગાયો તે સઘળે એક,
સકળ દર્શને એ જ વિવેક;
સમજાવ્યાની શૈલી કરી,
સ્યાદ્વાદ સમજણુ પણુ ખરી.

મૂળ સ્થિતિ જો પૂછો મને,
તો સોંપી દઉં યોગી કને;
પ્રથમ અંતને મધ્યે એક,
લોકરૂપ અલોકે દેખ.

જીવાજીવ સ્થિતિને જોઈ,
ટળ્યો ઓરતો શંકા ખોઈ;
એમ જ સ્થિતિ ત્યાં નહીં ઉપાય,
"ઉપાય કાં નહીં" શંકા જાય.

એ આશ્ચર્ય જાણે તે જાણુ,
જાણે જ્યારે પ્રકટે ભાણુ;
સમજે બંધમુક્તિયુક્ત જીવ,
નિરખી ટાળે શોક સદૈવ.

૨૬

લોક પુરુષ સંસ્થાને કહ્યો,
એનો ભેદ તમે કંઈ લહ્યો ?
એનું કારણ સમજ્યા કાંઈ,
કે સમજાવ્યાની ચતુરાઈ.

શરીર પરથી એ ઉપદેશ,
જ્ઞાન, દર્શન કે ઉદ્દેશ;
જેમ જણાવો, સુણિયે તેમ,
કાં તો લઈએ દઈએ ક્ષેમ.

શું કરવાથી પોતે સુખી,
શું કરવાથી પોતે દુઃખી;
પોતે શું ? ક્યાંથી છે આપ,
એનો માગો શીઘ્ર જવાપ.

જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ,
જ્ઞાન તહાં શંકા નહીં સ્થાપ;
પ્રભુ-ભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન,
પ્રભુ મેળવવા ગુરુ ભગવાન.

ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય,
તે ઉપજવા પૂર્વિક ભાગ્ય;
તેમ નહીં તો કંઈ સત્સંગ,
તેમ નહીં તો કંઈ દુઃખરંગ.

જે ગાયો તે સઘળે એક,
સકળ દર્શને એ જ વિવેક;
સમજાવ્યાની શૈલી કરી,
સ્યાદ્વાદ સમજણ પણ ખરી.

મૂળ સ્થિતિ જો પૂછો મને,
તો સોંપી દઉં યોગી કને;
પ્રથમ અંતને મધ્યે એક,
લોકરૂપ અલોકે દેખ.

જીવાજીવ સ્થિતિને જોઈ,
ટળ્યો ઓરતો શંકા ખોઈ;
એમ જ સ્થિતિ ત્યાં નહીં ઉપાય,
"ઉપાય કાં નહીં" શંકા જાય.

એ આશ્ચર્ય જાણે તે જાણ,
જાણે જ્યારે પ્રકટે ભાણ;
સમજે બંધમુક્તિયુક્ત જીવ,
નિરખી ટાળે શોક સદૈવ.

બંધયુક્ત જીવ કર્મ સહિત,
પુદ્દગળરચના કર્મ ખચિત;
પુદ્દગળજ્ઞાન પ્રથમ લે જાણ,
નર દેહે પછી પામે ધ્યાન.

જો કે પુદ્દગળનો એ દેહ,
તોપણ ઓર સ્થિતિ ત્યાં છેહ;
સમજણ બીજી પછી કહીશ,
જ્યારે ચિત્તે સ્થિર થઇશ.

જહાં રાગ અને વળી દ્વેષ,
તહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ,
સકળ દુઃખનો છે ત્યાં નાશ.

સર્વ કાળનું છે ત્યાં જ્ઞાન,
દેહ છતાં ત્યાં છે નિર્વાણ;
ભવ છેવટની છે એ દશા,
રામ ધામ આવીને વસ્યા.

ફાલ્ગુન વદ ૧, ૧૯૪૬.
૨૩ મા વર્ષે મુંબઈ:

૨૭

જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્ય તો સ્વભાવ ભિન્ન,
  સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે.
સ્વરૂપ ચેતન નિજ જડ છે સંબંધ માત્ર,
  અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે.
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
  જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે.
કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
  નિર્ગ્રંથનો પંથ ભવ અન્તનો ઉપાય છે.
દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,
  ક્રિયાની પ્રવૃત્તિ તેથી તેમ પણ થાય છે.
જીવની ઉત્પત્તિ અને રોગ શોક દુઃખ મૃત્યુ,
  દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે.
એવો જે અનાદિ એક રૂપનો મિથ્યાત્વભાવ,
  જ્ઞાનીના વચન વડે દૂર થઈ જાય છે.
ભાસે જડ ચૈતન્યના પ્રગટ સ્વભાવ ભિન્ન,
  બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.

૨૨ મા વર્ષે:
વવાણીઆ:

૨૮

બિના નયન પાવે નહીં,
બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરૂકે ચરન,
સો પાવે સાક્ષાત.

બૂઝી ચહત જો પ્યાસકો,
હૈ બૂઝનકી રીત;
પાવે નહિ ગુરૂગમ બિના,
એહી અનાદિ સ્થીત.

એહિ નહિ હૈ કલ્પના,
એહિ નહિ વિભંગ;
કઈ નર પંચમકાલમેં,
દેખી વસ્તુ અભંગ.

નહિ દે તું ઉપદેશકું,
પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ,
વો જ્ઞાનીકા દેશ.

જપ તપ, ઔર વ્રતાદિ સબ,
તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી,
પાઈ કૃપા અનૂપ.

પાયાકી એ બાત હૈ,
નિજ છંદનકો છોડ;
પીછે લાગ સત્પુરૂષકે,
તો સબ બંધન તોડ.

જડભાવે જડ પરિણમે,
ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહીં,
છોડી આપ સ્વભાવ.

જડ તે જડ ત્રણ કાળમાં,
ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે,
સંશય તેમાં કેમ ?

જો જડ છે ત્રણ કાળમાં,
ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહિ ઘટે,
નિવૃત્તિ પ્રવૃત્તિ ન હોય.

બંધ મોક્ષ સંયોગથી,
જ્યાં લગ આત્મ અભાન;
પણ ત્યાગ સ્વભાવનો,
ભાખે નિજ ભગવાન.

વર્તે બંધપ્રસંગમાં,
તે નિજપદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને,
એ સિદ્ધાંત પ્રમાણ.

ગ્રહે અરૂપી રૂપીને,
એ અચરજની વાત;
જીવ બંધન જાણે નહિ,
કેવો જિનસિદ્ધાંત.

પ્રથમ દેહ દ્રષ્ટિ હતી,
તેથી ભાસ્યો દેહ;
હવે દ્રષ્ટિ થઇ આત્મમાં,
ગયો દેહથી નેહ.

જડ, ચેતન સંયોગ આ,
ખાણ અનાદિ અનંત;
કોઇ ન કર્ત્તા તેહનો,
ભાખે જિન ભગવંત.

મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ,
નહિ નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે,
ભાખે જિનવર એમ.

હોય તેહનો નાશ નહિ,
નહિ તેહ નહિ હોય;
એક સમય તે સૌ સમય,
ભેદ અવસ્થા જોય.

પરમ પુરૂપ પ્રભુ સદ્દગુરૂ,
પરમજ્ઞાન સુખ ધામ;
જેણે આપ્યું ભાન નિજ,
તેને સદા પ્રણામ.

૨૪ મા વર્ષે:
રાળજ.

૨૯

મૂળ મારગ સાંભળો જિનનો રે.
કરી વૃત્તિ અખંડ સન્મુખ,
મૂળ મારગ સાંભળો જિનનો રે.

નોંય પૂજાદિની જો કામના રે,
નોંય વ્હાલું અંતર ભવદુઃખ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

કરી જો જો વચનની તુલના રે,
જો જો શોધીને જિન સિદ્ધાંત.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

માત્ર કહેવું પરમાર્થ હેતુથી રે,
કોઈ પામે મુમુક્ષુ વાત.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે,
એકપણે અને અવિરુદ્ધ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

જિન મારગ તે પરમાર્થથી રે,
એમ કહ્યું સિદ્ધાંતે બુદ્ધ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

લિંગ અને ભેદો જે વ્રતના રે,
દ્રવ્ય દેશ કાળાદિ ભેદ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે,
તે તો ત્રણે કાળે અભેદ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે,
સંક્ષેપે સુણો પરમાર્થ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

તેને જોતાં વિચારિ વિશેષથી રે,
સમજાશે ઉત્તમ આત્માર્થ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

છે દેહાદિથી ભિન્ન આત્મા રે,
ઉપયોગી સદા અવિનાશ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

એમ જાણે સદ્ગુરૂ ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

જે જ્ઞાને કરીને જાણિયું રે,
તેની વર્તે છે શુદ્ધ પ્રતીત,
મૂળ મારગ સાંભળો જિનનો રે.

કહ્યું ભગવંતે દર્શન તેહને રે,
જેનું બીજું નામ સમકીત.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

જેમ આવી પ્રતીતિ જીવની રે,
જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

તેવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે,
નામ ચારિત્ર તે અણલિંગ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

તે ત્રણે અભેદ પરિણામથી રે,
જ્યારે વર્તે તે આત્મરૂપ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

તેહ મારગ જિનનો પામિયો રે,
કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

એવા મૂળ જ્ઞાનાદિ પામવા રે,
અને જવા અનાદિ બંધ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

ઉપદેશ સદ્ગુરુનો પામવા રે,
ટાળી સ્વચ્છંદને પ્રતિબંધ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

એમ દેવજિનંદે ભાખિયું રે,
મોક્ષ માર્ગનું શુદ્ધ સ્વરૂપ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

ભવ્ય જનોના હિતને કારણે રે,
સંક્ષેપે કહ્યું સ્વરૂપ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

૩૦

જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાંભળો—

જો હોય પૂર્વ ભણેલ નવ પણ,
જીવને જાણ્યો નહીં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું,
સાક્ષી છે આગમ અહીં.

એ પૂર્વ સર્વ કહ્યા વિશેષે,
જીવ કરવા નિર્મળો.
જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાંભળો.

નહીં ગ્રંથમાંહિ જ્ઞાન ભાખ્યું,
જ્ઞાન નહીં કવિ—ચાતુરી;
નહીં મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં,
જ્ઞાન નહીં ભાષા ઠરી;
નહીં અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું,
જ્ઞાન જ્ઞાનીમાં કળો;
જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાંભળો.

આ જીવને આ દેહ,
એવો ભેદ જે ભાસ્યો નહીં;
પચખાણ કીધાં ત્યાં સુધી,
મોક્ષાર્થે તે ભાખ્યાં નહીં.
એ પાંચમે અંગે કહ્યો,
ઉપદેશ કેવળ નિર્મળો;
જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાંભળો.

કેવળ નહીં બ્રહ્મચર્યથી,
કેવળ નહીં સંયમ થકી,
પણ જ્ઞાન કેવળથી કળો;
જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાંભળો.

શાસ્ત્રો વિશેષ સહીત પણ,
જો જાણિયું નિજરૂપને;
કાં તેહવો આશ્રય કરજો,
ભાવથી સાચા મને,
તો જ્ઞાન તેને ભાખિયું,
જો સમ્મતિ આદિ સ્થળો;
જિનવર કહે છે જ્ઞાન તેને,
સર્વ ભવ્યો સાંભળો.

આઠ સમિતિ જાણીએ જો,
જ્ઞાનીના પરમાર્થથી;
તો જ્ઞાન ભાખ્યું તેહને,
અનુસાર તે મોક્ષાર્થથી.

નિજ કલ્પનાથી કોઈ થાશો,
ધ્યાન અનેરો આણશો;
નિરંતર કરે છે જ્ઞાન તેને,
કહે ભાણો સાંભળો.

ચાર વેદ પુરાણ આદિ,
કુરાન ને કિતાબતાના:
સર્વે નહિં કહી આવ્યાં છે,
એક ભર્યા ભિન્નતા.
સર્વ સાધીને તે સાધન આદર્યાં,
જેણે જાણ્યું હતું;
નિરંતર કરે છે જ્ઞાન તેને,
કહે ભાણો સાંભળો.

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]

આત્મસિદ્ધિ.

૩૧

૧ જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રીસદ્ગુરૂ ભગવંત.

૨ વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય.

૩ કોઇ ક્રિયાજડ થઇ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરૂણા ઉપજે જોઇ.

૪ બાહ્ય ક્રિયામાં રાચતાં, અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંહિ.

૫ બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહિ;
વર્ત્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહિ.

૬ વૈરાગ્યાદિ સફલ તો, જો સહ આતમજ્ઞાન;
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન.

૭ ત્યાગ, વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન.

૮ જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.

૯ સેવે સદ્ગુરુચરણને, ત્યાગી દઇ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ.

૧૦ આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વવાણી, પરમશ્રુત, સદ્ગુરુલક્ષણ યોગ.

૧૧ પ્રત્યક્ષસદ્ગુરુ સમ નહીં, પરોક્ષજિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મવિચાર.

૧૨ સદ્ગુરુના ઉપદેશવણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યાવણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ.

૧૩ આત્માદિ અસ્તિત્વના, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્ગુરુયોગ નહીં, ત્યાં આધાર સુપાત્ર.

૧૪ અથવા સદ્ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ.

૧૫ રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ.

૧૬ પ્રત્યક્ષ સદ્ગુરુયોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય.

૧૭ સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ,
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ.

૧૮ માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય;
જાતાં સદ્ગુરુશરણમાં, અલ્પ પ્રયાસે જાય.

૧૯ જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન.

૨૦ એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઇ સુભાગ્ય.

૨૧ અસદ્ગુરૂએ વિનયનો, લાભ લહે જો કાંઇ;
મહામોહનીય કર્મથી, બુડે ભવજળ માંહિ.

૨૨ હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર.

૨૩ હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ;
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ.

૨૪ બાહ્યત્યાગ પણ જ્ઞાન નહીં, તે માને ગુરૂ સત્ય;
અથવા નિજકુળધર્મના, તે ગુરૂમાંજ મમત્વ.

૨૫ જે જિનદેહપ્રમાણને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનું, રોકિ રહે નિજબુદ્ધિ.

૨૬ પ્રત્યક્ષસદ્ગુરૂયોગમાં, વર્ત્તે દૃષ્ટિ વિમુખ;
અસદ્ગુરૂને દઢ કરે, નિજમાનાર્થે મુખ્ય.

૨૭ દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજમતવેષનો, આગ્રહ મુક્તિનિદાન.

૨૮ લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન.

૨૯ અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્વ્યવહારને, સાધન રહિત થાય.

૩૦ જ્ઞાનદશા પામ્યો નહીં, સાધનદશા ન કાંઇ;
પામે તેનો સંગ જે, તે બુડે ભવમાંહિ.

૩૧ એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદિ કાજ;
પામે નહીં પરમાર્થને, અન્-અધિકારીમાં જ.

૩૨ નહીં કષાય ઉપશાંતતા, નહીં અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય.

૩૩ લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીનાં, આત્મ-અર્થ સુખસાજ.

૩૪ આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરૂ હોય;
બાકી કુળગુરૂકલ્પના, આત્માર્થી નહીં જોય.

૩૫ પ્રત્યક્ષ સદ્‌ગુરૂ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર,
ત્રણે યોગ એકત્વથી, વર્ત્તે આજ્ઞાધાર.

૩૬ એક હોય ત્રણ કાળમાં, પરમાર્થનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.

૩૭ એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરૂયોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહીં મનરોગ.

૩૮ કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.

૩૯ દશા ન એવી જ્યાંસુધી, જીવ લહે નહીં જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતરરોગ.

૪૦ આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરૂબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.

૪૧ જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઇ, પામે પદ નિર્વાણ.

૪૨ ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરૂ શિષ્ય સંવાદથી, ભાખું ષટ્‌પદ આંહિ.

ષડ્દર્શનરૂપ ષટ્‌પદ.

૪૩ 'આત્મા છે,' 'તે નિત્ય છે,' 'છે કર્ત્તા નિજકર્મ;
'છે ભોક્તા,' વળી 'મોક્ષ છે,' 'મોક્ષઉપાય સુધર્મ.'

૪૪ ષટ્‌સ્થાનક સંક્ષેપમાં, ષટ્‌દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ.

શિષ્યઃ આત્મા નથી.

૪૫ નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ.

૪૬ અથવા દેહજ આત્મા, અથવા ઇંદ્રિય પ્રાણ;
મિથ્યા જૂદો માનવો, નહીં જૂદું એંધાણ.

૪૭ વળી જો આત્મા હોય તો, જણાય તે નહીં કેમ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ.

૪૮ માટે છે નહીં આત્મા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર્શંકાતણો, સમજાવો સદુપાય.

સદ્ગુરૂઃ આત્મા છે.

૪૯ ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.

૫૦ ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન.

૫૧ જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ.

૫૨ છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇંદ્રિના વિષયનું, પણ આત્માને ભાન.

૫૩ દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિ પ્રાણ;
આત્માની સત્તાવડે, તેહ પ્રવર્ત્તે જાણ.

૫૪ સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણે સદાય.

૫૫ ઘટ, પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહીં, કહિયે કેવું જ્ઞાન?

૫૬ પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આત્મા, ઘટે ન આમ વિકલ્પ.

૫૭ જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ.
૫૮ આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ.

શિષ્યઃ આત્મા નિત્ય નથી.

૫૯ આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર.
૬૦ બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ;
દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ.
૬૧ અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય.

સદ્ગુરુઃ આત્મા નિત્ય છે.

૬૨ દેહ માત્ર સંયોગ છે, વળી જડ, રૂપી, દૃશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ, લય, કોના અનુભવ વશ્ય;
૬૩ જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન.
૬૪ જે સંયોગો દેખિયે, તે તે અનુભવદૃશ્ય;
ઊપજે નહીં સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ.
૬૫ જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય.
૬૬ કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી 'નિત્ય' સદાય.
૬૭ ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય,
પૂર્વજન્મસંસ્કાર તે, જીવનિત્યતા ત્યાંય.
૬૮ આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય,
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય.

૬૯ અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહીં, કર અનુભવ નિર્ધાર.

૭૦ ક્યારે કોઇ વસ્તુનો, કેવળ હોય ન નાશ,
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ.

શિષ્ય: આત્મા કર્મનો કર્ત્તા નથી.

૭૧ કર્ત્તા જીવ ન કર્મનો, કર્મજ કર્ત્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ.

૭૨ આત્મા સદા અસંગને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઇશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ.

૭૩ માટે મોક્ષ-ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્ત્તાપણું, કાં નહીં, કાં નહીં જાય ?

સદ્ગુરૂ: આત્મા કર્મનો કર્ત્તા છે.

૭૪ હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?
જડસ્વભાવ નહીં પ્રેરણા, જુઓ વિચારી ધર્મ.

૭૫ જો ચેતન કરતું નથી, થતાં નથી તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહીં, તેમજ નહીં જીવધર્મ.

૭૬ કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ.

૭૭ કર્ત્તા ઇશ્વર કો નહીં, ઇશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઇશ્વર દોષ પ્રભાવ.

૭૮ ચેતન જો નિજભાનમાં, કર્ત્તા આપસ્વભાવ;
વર્ત્તે નહીં નિજભાનમાં, કર્ત્તા કર્મ પ્રભાવ.

શિષ્ય: આત્મા કર્મનો ભોક્તા નથી.

૭૯ જીવ કર્મકર્ત્તા કહો, પણ ભોક્તા નહીં સોય;
શું સમજે જડ કર્મ કે, ફળપરિણામી હોય !

૮૦ ફળદાતા ઇશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;
એમ કહે ઇશ્વરતણું, ઇશ્વરપણુંજ જાય.

૮૧ ઈશ્વર સિદ્ધ થયાવિના, જગતનિયમ નહીં હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહીં કોય.

સદ્ગુરુ: આત્મા-કર્મનો ભોક્તા છે.

૮૨ ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ.

૮૩ ઝેર, સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય.

૮૪ એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણવિના ન કાર્ય તે, એજ શુભાશુભ વેદ્ય.

૮૫ ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર.

૮૬ તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ.

શિષ્ય: મોક્ષ નથી.

૮૭ કર્તા, ભોક્તા જીવ હો, પણ તેનો નહીં મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ.

૮૮ શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિમાંય;
અશુભ કરે નરકાદિ ફળ, કર્મરહિત ન ક્યાંય.

સદ્ગુરુ: મોક્ષ છે.

૮૯ જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિસફળતા, માટે મોક્ષ સુજાણ.

૯૦ વિત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ.

૯૧ દેહાદિ સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વતપદે, નિજ અનંત સુખભોગ.

શિષ્યઃ મોક્ષનો ઉપાય નથી.

૯૨ હોય કદાપિ મોક્ષપદ, નહીં અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતના, શાથી છેદ્યાં જાય?
૯૩ અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો? બને ન એહ વિવેક.
૯૪ કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ.
૯૫ તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ-ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકારજ થાય?
૯૬ પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ-ઉપાય તો, ઉદય ઉદય સદ્‌ભાગ્ય.

સદ્‌ગુરુઃ મોક્ષનો ઉપાય છે.

૯૭ પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત.
૯૮ કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ.
૯૯ જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત.
૧૦૦ રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તેજ મોક્ષનો પંથ.
૧૦૧ આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસરહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત.
૧૦૨ કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહિનીય, હણાય, તે કહું પાઠ,
૧૦૩ કર્મ મોહિનિય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ,
૧૦૪ કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ?

૧૦૫ છોડી મત દર્શન-તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે જન્મ તેહના અલ્પ.
૧૦૬ ષટ્પદનાં ષટ્પ્રશ્ન તેં, પૂછ્યાં કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિરધાર,
૧૦૭ જાતિ વેષનો ભેદ નહીં, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય.
૧૦૮ કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;
ભવે ખેદ અંતર દયા,તે કહિયે જીજ્ઞાસ.
૧૦૯ તે જીજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરૂબોધ;
તો પામે સમકિતને, વર્ત્તે અંતરશોધ.
૧૧૦ મત દર્શન આગ્રહ તજી, વર્ત્તે સદ્ગુરૂલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ.
૧૧૧ વર્ત્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત.
૧૧૨ વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ.
૧૧૩ કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્ત્તે જ્ઞાન;
કહિયે કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.
૧૧૪ કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં સમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.
૧૧૫ છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્ત્તા તું કર્મ;
નહીં ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ.
૧૧૬ એજ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.
૧૧૭ શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું ? કર વિચાર તો પામ.
૧૧૮ નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય.

<u>શિષ્યઃ મોક્ષનો ઉપાય નથી.</u>

૯૨ હોય કદાપિ મોક્ષપદ, નહીં અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતના, શાથી છેદ્યાં જાય ?
૯૩ અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો ? બને ન એહ વિવેક.
૯૪ કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ.
૯૫ તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ-ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકારજ થાય ?
૯૬ પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ-ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય.

<u>સદ્ગુરુઃ મોક્ષનો ઉપાય છે.</u>

૯૭ પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત.
૯૮ કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ.
૯૯ જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત.
૧૦૦ રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તેજ મોક્ષનો પંથ.
૧૦૧ આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસરહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત.
૧૦૨ કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહિનીય, હણાય, તે કહું આઠ,
૧૦૩ કર્મ મોહિનિય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ,
૧૦૪ કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ ?

૧૦૫ છોડી મત દર્શન-તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે જન્મ તેહના અલ્પ.
૧૦૬ ષટ્પદનાં ષટ્પ્રશ્ન તે, પૂછ્યાં કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિરધાર.
૧૦૭ જાતિ વેષનો ભેદ નહીં, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય.
૧૦૮ કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જીજ્ઞાસ.
૧૦૯ તે જીજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુબોધ;
તો પામે સમકિતને, વર્તે અંતરશોધ.
૧૧૦ મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ.
૧૧૧ વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત.
૧૧૨ વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ.
૧૧૩ કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહિયે કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.
૧૧૪ કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં સમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.
૧૧૫ છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ;
નહીં ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ.
૧૧૬ એજ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.
૧૧૭ શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું? કર વિચાર તો પામ.
૧૧૮ નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય.

૧૧૯ સદ્‌ગુરૂના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન.
૧૨૦ ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર, અમર, અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ.
૧૨૧ કર્ત્તા, ભોક્તા કર્મનો, વિભાવ વર્ત્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્ત્તા ત્યાંય.
૧૨૨ અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્ત્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ.
૧૨૩ મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.
૧૨૪ અહો ! અહો ! શ્રી સદ્‌ગુરૂ, કરૂણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.
૧૨૫ શું પ્રભુચરણ કને ધરૂં ? આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્ત્તું ચરણાધીન.
૧૨૬ આ દેહાદિ આજથી, વર્ત્તો પ્રભુઆધીન;
દાસ, દાસ, હું દાસ છું, તેહ પ્રભુનો દીન.
૧૨૭ પડ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ.
૧૨૮ દર્શન પટે શમાય છે, આ પડ્ સ્થાનક માંહિ;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઇ.
૧૨૯ આત્મભ્રાંતિસમ રોગ નહીં, સદ્‌ગુરૂ વૈદ્ય સુજાણ;
ગુરૂઆજ્ઞાસમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન.
૧૩૦ જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરૂપાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઇ, છેદો નહીં આત્માર્થ.
૧૩૧ નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.
૧૩૨ નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહીં, બન્ને સાથ રહેલ.

૧૩૩ ગચ્છ મતની જે કલ્પના, તે નહીં સદ્વ્યવહાર;
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહીં સાર.
૧૩૪ આગળ જ્ઞાની થઇ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહીં કોય.
૧૩૫ સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;
સદ્ગુરૂઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.
૧૩૬ ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહીં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.
૧૩૭ મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ.
૧૩૮ દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુઘટ વિષે, એહ સદાય સુજાગ્ય.
૧૩૯ મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહિયે જ્ઞાનીદશા, બાકી કહિયે ભ્રાંત.
૧૪૦ સકળ જગત્ તે એઠવત્, અથવા સ્વપ્નસમાન;
તે કહિયે જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન,
૧૪૧ સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહીં સંદેહ.
૧૪૨ દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

સં૦ ૧૯૫૨ ના આશ્વિન વદ ૧, ગુરૂવારે, નડિયાદ.

સદ્ગુરૂના ઉપદેશથી, સમજે જિનનું રૂપ;
તો તે પામે નિજદશા, જિન છે આત્મસ્વરૂપ.
પામ્યા શુદ્ધ સ્વભાવને, છે જિન તેથી પૂજ્ય;
સમજો જિન સ્વભાવ તો, આત્મભાનનો ગુંજ્ય.
સ્વરૂપ સ્થિત ઇચ્છા રહિત, વિચરે પૂર્વ પ્રયોગ;
અપૂર્વવાણી પરમશ્રુત, સદ્ગુરૂ લક્ષણ યોગ્ય.

૩૨

પંથ પરમપદ બોધ્યો, જેહ પ્રમાણે પરમ વીતરાગે;
તે અનુસરિ કહિશું, પ્રણમીને ત પ્રભુ ભક્તિ રાગે.

મૂળ પરમપદ કારણ, સમ્યક દર્શન જ્ઞાન ચરણ પૂર્ણ;
પ્રણમે એક સ્વભાવે, શુદ્ધ સમાધિ ત્યાં પરિપૂર્ણ.

જે ચેતન જડ ભાવો, અવલોક્યા છે મુનીંદ્ર સર્વજ્ઞે;
તેવી અંતર આસ્થા, પ્રકટ્યે દર્શન કહ્યું છે તત્વજ્ઞે.

સમ્યક્ પ્રમાણ પૂર્વક, તે તે ભાવો જ્ઞાન વિષે ભાસે;
સમ્યક્ જ્ઞાન કહ્યું તે, સંશય, વિભ્રમ, મોહ ત્યાં નાસે.

વિષયારંભ નિવૃત્તિ, રાગ દ્વેષનો અભાવ જ્યાં થાય;
સહિત સમ્યક્ દર્શન, શુદ્ધ ચરણ ત્યાં સમાધિ સદુપાય.

ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય;
પૂર્ણ પરમપદ પ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય.

જીવ, અજીવ પદાર્થો, પુણ્ય, પાપ, આશ્રવ તથા બંધ;
સંવર નિર્જરા મોક્ષ, તત્વ કહ્યાં નવ પદાર્થ સંબંધ.

જીવ અજીવ વિષે તે, નવે તત્વનો સમાવેશ થાય;
વસ્તુ વિચાર વિશેષે, ભિન્ન ઉપદેશ્યા મહાન મુનિરાય.

આત્મસિદ્ધિ ગદ્યાકાર.

૧. જે આત્મસ્વરૂપ સમજ્યા વિના પૂર્વકાળે હું અનંત દુઃખ પામ્યો, તે પદ જેણે સમજાવ્યું એટલે ભવિષ્યકાળે ઉત્પન્ન થવાયોગ્ય એવાં અનંત દુઃખ પામત તે મૂળ જેણે છેદ્યું એવા શ્રીસદ્ગુરુ ભગવાનને નમસ્કાર કરૂં છું.

૨. આ વર્તમાનકાળમાં મોક્ષમાર્ગ ઘણો લોપ થઈ ગયો છે; જે મોક્ષમાર્ગ ગુરૂશિષ્યના સંવાદરૂપે અત્રે પ્રકટ કહીએ છીએ.

૩. કોઈ ક્રિયાને જ વળગી રહ્યા છે, અને કોઈ શુષ્કજ્ઞાનને જ વળગી રહ્યા છે; એમ મોક્ષમાર્ગ માને છે. જે જોઇને દયા આવે છે.

૪. બાહ્યક્રિયામાં જ માત્ર રાચી રહ્યાં છે, અંતર્ કંઈ ભેદાયું નથી, અને સત્માર્ગને નિષેધ્યા કરે છે, તે અહીં ક્રિયાજડ કહ્યાં છે.

૫. બંધ, મોક્ષ માત્ર કલ્પના છે, એવાં નિશ્ચયવાક્ય માત્ર વાણીમાં બોલે છે, અને તથારૂપ દશા થઇ નથી, મોહના પ્રભાવમાં વર્તે છે, એ અહીં શુષ્કજ્ઞાની કહ્યાં છે.

૬. વૈરાગ્યત્યાગાદિ જો સાથે આત્મજ્ઞાન હોય તો સફળ છે, અર્થાત્ મોક્ષની પ્રાપ્તિના હેતુ છે. અને જ્યાં આત્મજ્ઞાન ન હોય ત્યાં પણ જો તે આત્મજ્ઞાનને અર્થે કરવામાં આવતાં હોય, તો તે આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે:

૭. જેના ચિત્તમાં ત્યાગ અને વૈરાગ્યાદિ સાધનો ઉત્પન્ન થયાં ન હોય તેને જ્ઞાન ન થાય; અને જે ત્યાગ, વિરાગમાં જ અટકી રહી, આત્મજ્ઞાનની

આકાંક્ષા ન રાખે, તે પોતાનું ભાન ભૂલે. અર્થાત્ અજ્ઞાનપૂર્વક ત્યાગવૈરાગ્યાદિ હોવાથી તે પૂજાસત્કારાદિથી પરાભવ પામે, અને આત્માર્થ ચૂકી જાય.

૮. જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, ત્યાં ત્યાં તે તે સમજે; અને ત્યાં ત્યાં તે તે આચરે એ, આત્માર્થી પુરૂષનાં લક્ષણો છે.

૯. પોતાના પક્ષને છોડી દઈ, જે સદ્ગુરૂરૂપ ચરણને સેવે તે પરમાર્થને પામે, અને આત્મસ્વરૂપનો લક્ષ તેને થાય.

૧૦. આત્મજ્ઞાનને વિષે જેમની સ્થિતિ છે, એટલે પરભાવની ઇચ્છાથી જે રહિત થયા છે, તથા શત્રુ, મિત્ર, હર્ષ, શોક, નમસ્કાર, તિરસ્કારાદિ ભાવપ્રત્યે જેને સમતા વર્ત્તે છે; માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલાં એવાં કર્મોના ઉદયને લીધે જેમની વિચરવાઆદિ ક્રિયા છે; અજ્ઞાની કરતાં જેની વાણી પ્રત્યક્ષ જૂદી પડે છે. અને ષટ્દર્શનના તાત્પર્યને જાણે છે, તે સદ્ગુરૂનાં ઉત્તમ લક્ષણો છે.

૧૧. જ્યાંસુધી જીવને પૂર્વકાળે થઇ ગયેલા એવા જિનની વાતપર જ લક્ષ રહ્યા કરે, અને તેનો ઉપકાર કહ્યા કરે, અને જેથી પ્રત્યક્ષ આત્મભ્રાંતિનું સમાધાન થાય એવા સદ્ગુરૂનો સમાગમ પ્રાપ્ત થયો હોય તેમાં પરોક્ષજિનોનાં વચન કરતાં મોટો ઉપકાર રહ્યાયો છે, તેમ જે ન જાણે તેને આત્મવિચાર ઉત્પન્ન ન થાય.

૧૨. સદ્ગુરૂના ઉપદેશવિના જિનનું સ્વરૂપ

થાય? જો સદ્‌ગુરૂઉપદેશે જિનનું સ્વરૂપ સમજે તો સમજનારનો આત્મા પરિણામે જિનની દશાને પામે.

૧૩. જે જિનાગમાદિ આત્માના હોવાપણાનાં તથા પરલોકાદિનાં હોવાપણાનો ઉપદેશ કરવાવાળાં શાસ્ત્રો છે. તેપણ જ્યાં પ્રત્યક્ષસદ્‌ગુરૂનો જોગ ન હોય ત્યાં, સુપાત્ર જીવને આધારરૂપ છે; પણ સદ્‌ગુરૂ સમાન તે ભ્રાંતિના છેદક કહી ન શકાય.

૧૪. અથવા જો સદ્‌ગુરૂએ તે શાસ્ત્રો વિચારવાની આજ્ઞા દીધી હોય, તો તે શાસ્ત્રો મતાંતર એટલે કુળધર્મને સાર્થક કરવાનો હેતુ આદિ ભ્રાંતિ છોડીને માત્ર આત્માર્થે વિચારવાં.

૧૫. જીવ અનાદિ કાળથી પોતાના ડહાપણે અને પોતાની ઇચ્છાએ ચાલ્યો છે, એનું નામ 'સ્વચ્છંદ' છે. જો તે સ્વચ્છંદને રોકે તો જરૂર તે મોક્ષને પામે; અને એ રીતે ભૂતકાળે અનંત જીવ મોક્ષ પામ્યા છે, એમ રાગ, દ્વેષ અને અજ્ઞાન એમાંનો એકે દોષ જેને વિષે નથી એવા દોષરહિત વીતરાગે કહ્યું છે.

૧૬. પ્રત્યક્ષસદ્‌ગુરૂના યોગથી તે સ્વચ્છંદ રોકાય છે, બાકી પોતાની ઇચ્છાએ બીજા ઘણા ઉપાય કર્યાં છતાં ઘણુંકરીને તે બમણો થાય છે.

૧૭. સ્વચ્છંદને તથા પોતાના મતના આગ્રહને તજીને જે સદ્‌ગુરૂના લક્ષે ચાલે તેને, પ્રત્યક્ષ કારણ જાણીને વીતરાગે 'સમકિત' કહ્યું છે.

૧૮. માન, અને પૂજાસત્કારાદિનો લોભ એ આદિ મહાશત્રુ છે, તે પોતાના ડહાપણે ચાલતાં

નથી, તેના ગુરૂને સાચા ગુરૂ માને, અથવા તો પોતાના કુળધર્મના ગમે તેવા ગુરૂ હોય તોપણ તેમાંજ મમત્વ રાખે.

૨૫. જે જિનના દેહાદિનું વર્ણન છે, તેને જિનનું વર્ણન સમજે છે, અને માત્ર પોતાના કુળધર્મના દેવ છે માટે મારાપણાના કલ્પિત રાગે સમવસરણાદિ મહાત્મ્ય કહ્યા કરે છે, અને તેમાં પોતાની બુદ્ધિને રોકી રહે છે; એટલે પરમાર્થહેતુસ્વરૂપ એવું જિનનું જે અંતરંગસ્વરૂપ જાણવાયોગ્ય છે. તે જાણતા નથી, તથા તે જાણવાનું પ્રયત્ન કરતા નથી. અને માત્ર સમવસરણાદિમાં જ જિનનું સ્વરૂપ કહીને મતાર્થમાં રહે છે.

૨૬. પ્રત્યક્ષસદ્‌ગુરૂનો ક્યારેક યોગ મળે તો દુરાગ્રહાદિછેદક તેની વાણી સાંભળીને તેનાથી અવળી રીતે ચાલે, અર્થાત્ તે હિતકારી વાણીને ગ્રહણ કરે નહીં, અને પોતે ખરેખરો દૃઢ મુમુક્ષુ છે એવું માન મુખ્યપણે મેળવવાને અર્થે અસદ્‌ગુરૂસમીપે જઈને પોતે તેનાપ્રત્યે પોતાનું વિશેષ દૃઢપણું જણાવે.

૨૭. દેવ નારકાદિ ગતિના, 'ભાંગા' આદિનાં સ્વરૂપ કોઈક વિશેષ પરમાર્થહેતુથી કહ્યા છે, તે હેતુને જાણ્યો નથી, અને તે ભંગજાળને શ્રુતજ્ઞાન જે સમજે છે, તથા પોતાના મતના વેશનો આગ્રહ રાખવામાં જ મુક્તિનો હેતુ માને છે.

૨૮. વૃત્તિનું સ્વરૂપ શું ? તે પણ જે જાણતો નથી, અને 'હું મતધારી છું' એવું અભિમાન ધારણ કર્યું છે. ક્વચિત્ પરમાર્થના ઉપદેશનો યોગ બને તોપણ લોકોમાં પોતાનું માન અને પૂજાસત્કારાદિ

જતાં રહેશે, અથવા તે માનાદિ પછી પ્રાપ્ત નહીં થાય એમ જાણીને તે પરમાર્થને ગ્રહણ કરે નહીં.

૨૯. અથવા 'સમયસાર' કે 'યોગવાસિષ્ઠ' જેવા ગ્રંથો વાંચી તે માત્ર નિશ્ચય નયને ગ્રહણ કરે? કેવી રીતે ગ્રહણ કરે? માત્ર કહેવારૂપે; અંતરંગમાં તથારૂપ ગુણની કશી સ્પર્શના નહીં, અને સદ્‌ગુરુ, સત્‌શાસ્ત્ર, તથા વૈરાગ્ય, વિવેકાદિ સાચા વ્યવહારને લોપે, તેમજ પોતાને જ્ઞાની માની લઇને સાધનરહિત વર્ત્તે.

૩૦. તે જ્ઞાનદશા પામે નહીં, તેમ વૈરાગ્યાદિ સાધનદશા પણ તેને નથી, જેથી તેવા જીવનો સંગ બીજા જીવને થાય તે પણ ભવસાગરમાં ડુબે.

૩૧. એ જીવ પણ મતાર્થમાં જ વર્ત્તે છે, કેમકે ઉપર કહ્યા જીવ તેને જેમ કુળધર્માદિથી માતાર્થતા છે, તેમ આને જ્ઞાની ગણાવવાના માનની ઇચ્છાથી પોતાના શુષ્કમતનો ગ્રહણ છે, માટે તે પણ પરમાર્થને પામે નહીં, અને અન્‌અધિકારી એટલે જેને વિષે જ્ઞાન પરિણામ પામવા યોગ્ય નહીં એવા જીવોમાં તે પણ ગણાય.

૩૨. જેને ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાય પાતળા પડયા નથી, તેમ જેને અંતર્વૈરાગ્ય ઉત્પન્ન થયો નથી, આત્મામાં ગુણ ગ્રહણકરવારૂપ સરળપણું જેને કહ્યું નથી, તેમ સત્યાસત્યતુલના કરવાને જેને અપક્ષપાતદૃષ્ટિ નથી, તે મતાર્થી જીવ દુર્ભાગ્ય એટલે જન્મ, જરા, મરણને છેદવાવાળા મોક્ષમાર્ગને [illegible] તેનું ભાગ્ય ન સમજવું.

૩૩. એમ મતાર્થી જીવનાં લક્ષણ કહ્યાં, તે કહેવાનો હેતુ એ છે કે, કોઈ પણ જીવનો તે જાણીને મતાર્થ જાય, હવે આત્માર્થી જીવનાં લક્ષણ કહીએ છીએ; તે લક્ષણ કેવાં છે કે, આત્માને અવ્યાબાધ સુખની સામગ્રિના હેતુ છે.

૩૪. જ્યાં આત્મજ્ઞાન હોય ત્યાં મુનિપણું હોય, અર્થાત્ આત્મજ્ઞાન ન હોય ત્યાં મુનિપણું ન જ સંભવે. " જં સમતિ પાસહ તં મોણં તિ પાસહ " (જ્યાં સમકિત એટલે આત્મજ્ઞાન છે, ત્યાં મુનિપણું જાણો) એમ " આચારાંગસૂત્રમાં " કહ્યું છે, એટલે જેનાં આત્મજ્ઞાન હોય તે સાચા ગુરૂ છે એમ જાણે છે, અને આત્મજ્ઞાનરહિત હોય તોપણ પોતાના કુળના ગુરૂને સદ્ગુરૂ માનવા એ માત્ર કલ્પના છે તેથી કંઈ ભવચ્છેદ ન થાય એમ આત્માર્થી જુએ છે.

૩૫. પ્રત્યક્ષસદ્ગુરૂની પ્રાપ્તિનો મોટો ઉપકાર જાણે, અર્થાત્ શાસ્ત્રાદિથી જે સમાધાન થઈ શકવાયોગ્ય નથી, અને જે દોષો સદ્ગુરૂની આજ્ઞા ધારણ કર્યાવિના જતા નથી તે, સદ્ગુરૂયોગથી સમાધાન થાય, અને તે દોષો ટળે, માટે પ્રત્યક્ષસદ્ગુરૂનો મોટો ઉપકાર જાણે, અને તે સદ્ગુરૂપ્રત્યે મન વચન કાયાથી આજ્ઞાંકિતપણે વર્તે.

૩૬. ત્રણે કાળને વિષે પરમાર્થનો પંથ એટલે મોક્ષનો માર્ગ એક હોવો જોઈએ, અને જેથી તે પરમાર્થ સિદ્ધ થાય તે વ્યવહાર જીવે માન્ય રાખવો જોઈએ; બીજો નહીં.

૩૭. એમ અંતરમાં વિચારીને જે સદ્‌ગુરૂના યોગનો શોધ કરે, માત્ર એક આત્માર્થની ઇચ્છા રાખે, પણ માનપૂજાદિક સિદ્ધિરિદ્ધિની કશી ઇચ્છા રાખે નહીં;–એ રોગ જેના મનમાં નથી.

૩૮. જ્યાં કષાય પાતળા પડયા છે, માત્ર એક મોક્ષપદ શિવાય બીજા કોઈ પદની અભિલાષા નથી, સંસારપર જેને વૈરાગ્ય વર્ત્તે છે, અને પ્રાણીમાત્રપર જેને દયા છે, એવા જીવને વિષે આત્માર્થનો નિવાસ થાય.

૩૯. જ્યાંસુધી એવી જોગદશા જીવ પામે નહીં, ત્યાંસુધી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ ન થાય, અને આત્મભ્રાંતિરૂપ અનંત દુઃખનો હેતુ એવો અંતર રોગ ન મટે.

૪૦. એવી દશા જ્યાં આવે ત્યાં સદ્‌ગુરૂનો બોધ શોભે, અર્થાત્ પરિણામ પામે, અને તે બોધના પરિણામથી સુખદાયક એવી સુવિચારદશા પ્રગટે.

૪૧. જ્યાં સુવિચારદશા પ્રગટે ત્યાં, આત્મજ્ઞાન ઉત્પન્ન થાય, અને તે જ્ઞાનથી મોહનો ક્ષય કરી નિર્વાણપદને પામે.

૪૨. જેથી તે સુવિચારદશા ઉત્પન્ન થાય, અને [illegible]

[illegible]

૪૪. એ ૭ સ્થાનક અથવા ૭ પદ અહીં સંક્ષેપમાં કહ્યાં છે, અને વિચાર કરવાથી પદ્દર્શન પણ તે જ છે. પરમાર્થ સમજવાને માટે જ્ઞાનીપુરૂષે એ ૭ પદો કહ્યાં છે.

૪૫. દૃષ્ટિમાં આવતો નથી, તેમ જેનું કંઇ રૂપ જણાતું નથી, તેમ સ્પર્શાદિ બીજા અનુભવથી પણ જણાવાપણું નથી, માટે જીવનું સ્વરૂપ નથી; અર્થાત્ જીવ નથી.

૪૬. અથવા દેહ જ છે તે, આત્મા છે, અથવા ઇંદ્રિયો છે તે, આત્મા છે, અથવા શ્વાસોશ્વાસ છે તે, આત્મા છે, અર્થાત્ એ સૌ એકના એક દેહરૂપે છે, માટે આત્માને જુદો માનવો તે મિથ્યા છે, કેમકે તેને કશું જુદું એંધાણ એટલે ચિન્હ નથી.

૪૭. અને જો આત્મા હોય તો તે જણાય શા માટે નહીં? જો ઘટ, પટ, આદિ પદાર્થો છે તો જેમ જણાય છે, તેમ આત્મા હોય તો શા માટે ન જણાય?

૪૮. માટે આત્મા છે નહીં, અને આત્મા નથી એટલે તેના મોક્ષના અર્થે ઉપાય કરવા તે ફોકટ છે, એમ મારા અંતરની શંકાનો કંઈ પણ સદુપાય સમજાવો એટલે સમાધાન હોય તો કહો.

૪૯. દેહાધ્યાસથી એટલે અનાદિકાળથી અજ્ઞાનને લીધે દેહનો પરિચય છે તેથી, આત્મા દેહ જેવો અર્થાત્ તને દેહ ભાસ્યો છે; પણ આત્મા અને દેહ બન્ને જુદાં છે, કેમકે બેય જુદાં જુદાં લક્ષણથી પ્રગટ ભાનમાં આવે છે.

૫૦. અનાદિકાળના અજ્ઞાનને લીધે દેહના પરિચયથી દેહ જ આત્મા ભાસ્યો છે, અથવા દેહ જેવો આત્મા ભાસ્યો છે, પણ જેમ તરવાર ને મ્યાન, મ્યાનરૂપ લાગતાં છતાં બન્ને જૂદાં જૂદાં છે, તેમ આત્મા અને દેહ બન્ને જૂદાં જૂદાં છે.

૫૧. તે આત્મા દૃષ્ટિ એટલે આંખથી ક્યાંથી દેખાય? કેમકે ઉલટો તેનો તે જોનાર છે. સ્થૂલ-સૂક્ષ્માદિ રૂપને જે જાણે છે, અને સર્વને બાધ કરતાં કરતાં કોઈ પણ પ્રકારે જેનો બાધ કરી શકાતો નથી એવો બાકી જે અનુભવ રહે છે તે, જીવનું સ્વરૂપ છે.

૫૨. કર્ણેંદ્રિયથી સાંભળ્યું તે તે કર્ણેંદ્રિય જાણે છે, પણ ચક્ષુ-ઇંદ્રિય તેને જાણતી નથી, અને ચક્ષુ-ઇંદ્રિયે દીઠેલું તે કર્ણેંદ્રિય જાણતી નથી. અર્થાત્ સૌ સૌ ઇંદ્રિયને પોતપોતાના વિષયનું જ્ઞાન છે; પણ બીજી ઇંદ્રિયોના પોતપોતાના વિષયનું જ્ઞાન છે; પણ બીજી ઇંદ્રિયોના વિષયનું જ્ઞાન નથી, અને આત્માને તો પાંચે ઇંદ્રિયના વિષયનું જ્ઞાન છે. અર્થાત્ જે તે પાંચે ઇંદ્રિયોના ગ્રહણ કરેલા વિષયને જાણે છે તે, 'આત્મા' છે, અને આત્મા વિના એકેક ઇંદ્રિય એકેક વિષયને ગ્રહણ કરે એમ કહ્યું તે પણ ઉપચારથી કહ્યું છે.

[illegible]

૫૪. જાગ્રત, સ્વપ્ન, અને નિદ્રા એ અવસ્થામાં વર્તતો છતાં તે તે અવસ્થાઓથી જૂદો જે રહ્યા કરે છે, અને તે તે અવસ્થા વ્યતીત થયે પણ જેનું હોવાપણું છે, અને તે તે અવસ્થાને જે જાણે છે, એવો પ્રગટસ્વરૂપ ચૈતન્યમય છે, અર્થાત્ જાણ્યા જ કરે છે એવો જેનો સ્વભાવ પ્રગટ છે, અને એ તેની નિશાની સદાય વર્તે છે; કોઈ દિવસ તે નિશાનીનો ભંગ થતો નથી.

૫૫. ઘટ, પટ આદિને તું પોતે જાણે છે, 'તે છે' એમ તું માને છે, અને જે તે ઘટ, પટ આદિનો જાણનાર છે તેને માનતો નથી; એ જ્ઞાન તે કેવું કહેવું?

૫૬. દુર્બળ દેહને વિષે પરમ બુદ્ધિ જોવામાં આવે છે, અને સ્થૂલ દેહને વિષે થોડી બુદ્ધિ જોવામાં આવે છે; જો દેહ જ આત્મા હોય તો એવો વિકલ્પ એટલે વિરોધ થવાનો વખત ન આવે.

૫૭. કોઈ કાળે જેમાં જાણવાનો સ્વભાવ નથી તે જડ, અને સદાય જાણવાના સ્વભાવવાન છે, તે ચેતન, એવો બેયનો કેવળ જૂદો સ્વભાવ છે, અને તે કોઈ પણ પ્રકારે એકપણું પામવાયોગ્ય નથી. ત્રણે કાળ જડ જડ ભાવે, અને ચેતન ચેતન ભાવે રહે એવો બેયનો જૂદો જૂદો દ્વૈતભાવ પ્રસિદ્ધ જ અનુભવાય છે.

૫૮. આત્માની શંકા આત્મા આપે પોતે કરે છે. જે શંકાનો કરનાર છે, તે જ આત્મા છે. તે જણાતો નથી, એ માપ ન થઇ શકે એવું આશ્ચર્ય છે.

૫૯. આત્માના હોવાપણા વિષે આગે જે જે પ્રકાર કહ્યા તેનો અંતર્માં વિચાર કરવાથી સંભવ થાય છે.

૬૦. પણ બીજી એમ શંકા થાય છે કે, આત્મા છે તોપણ તે અવિનાશ એટલે નિત્ય નથી. ત્રણે કાળ હોય એવો પદાર્થ નથી, માત્ર દેહના સંયોગથી ઉત્પન્ન થાય, અને વિયોગે નાશ પામે.

૬૧. અથવા વસ્તુ ક્ષણે ક્ષણે બદલાતી જોવામાં આવે છે, તેથી સર્વ વસ્તુ ક્ષણિક છે, અને અનુભવથી જોતા પણ આત્મા નિત્ય જણાતો નથી.

૬૨. દેહમાત્ર પરમાણુનો સંયોગ છે, અથવા સંયોગ કરી આત્માના અનુભવમાં છે, વળી તે દેહ જડ છે, [illegible]

ઉત્પત્તિ દેહથી પ્રથમ છે નહીં, અને નાશ તો તેથી પહેલાં છે, ત્યારે એ અનુભવ થયો કોને?

૬૩. જેના અનુભવમાં જ ઉત્પત્તિ અને નાશનું જ્ઞાન વર્તે તે જ્ઞાન તેથી જૂદા વિના કોઇ પ્રકારે પણ સંભવતું નથી, અર્થાત્ ચેતનનાં ઉત્પત્તિ લય થાય છે, એવો કોઇને પણ અનુભવ થવાયોગ્ય છે નહીં.

૬૪. જે જે સંયોગો દેખીએ છીએ તે તે અનુભવ સ્વરૂપ એવા આત્માના દશ્ય એટલે તેને આત્મા જાણે છે, અને તે સંયોગનું સ્વરૂપ વિચારતાં એવો કોઇ પણ સંયોગ સમજાતો નથી, કે જેથી આત્મા ઉત્પન્ન થાય છે, માટે આત્મ સંયોગથી નહીં ઉત્પન્ન થયેલો એવો છે; અર્થાત્ અસંયોગી છે, સ્વાભાવિક પદાર્થ છે, માટે તે પ્રત્યક્ષ 'નિત્ય' સમજાય છે.

૬૫. જડથી ચેતન ઉપજે, અને ચેતનથી જડ ઉત્પન્ન થાય એવો કોઇને ક્યારે–કદી–પણ અનુભવ થાય નહીં.

૬૬. જેની ઉત્પત્તિ કોઇ પણ સંયોગોથી થાય નહીં, તેનો નાશ પણ કોઇને વિષે થાય નહીં, માટે આત્મ ત્રિકાળ 'નિત્ય' છે.

૬૭. ક્રોધાદિ પ્રકૃતિઓનું વિશેષપણું સર્પ વગેરે પ્રાણીમાં જન્મથી જ જોવામાં આવે છે, વર્તમાનદેહે તો તે અભ્યાસ કર્યો નથી; જન્મની સાથે જ તે છે. એટલે એ પૂર્વજન્મનો જ સંસ્કાર છે. જે પૂર્વજન્મ જીવની નિત્યતા સિદ્ધ કરે છે.

૬૮. આત્મા વસ્તુપણે નિત્ય છે. સમયે સમયે જ્ઞાનાદિ પરિણામના પલટવાથી તેના પર્યાયનું પલટવાપણું છે. (કંઇ સમુદ્ર પલટાતો નથી, માત્ર મોજાં પલટાય છે, તેની પેઠે.) જેમ બાલ, યુવાન અને વૃદ્ધ એ ત્રણ અવસ્થા છે. તે આત્માને વિભાવથી પર્યાય છે; અને બાળ અવસ્થા વર્તતાં આત્મ બાળક જણાતો, તે બાળ અવસ્થા છોડી, જ્યારે યુવાવસ્થા ગ્રહણ કરી ત્યારે યુવાન જણાયો, અને યુવાવસ્થા તજી વૃદ્ધાવસ્થા ગ્રહણ કરી ત્યારે વૃદ્ધ જણાયો. એ ત્રણે અવસ્થાનો ભેદ થયો તે પર્યાયભેદ છે; પણ તે ત્રણે અવસ્થામાં આત્મદ્રવ્યનો ભેદ થયો નહીં, અર્થાત્ અવસ્થા બદલાઇ પણ આત્મા બદલાયો નથી. આત્મા એ ત્રણે અવસ્થાને જાણે છે, અને તે ત્રણે અવસ્થાની તેને જ સ્મૃતિ છે. ત્રણે અવસ્થામાં આત્મા એક હોય તો એમ બને, પણ આત્મા ક્ષણે ક્ષણે બદલાતો હોય તો તેવો અનુભવ બને જ નહીં.

[illegible]

[illegible]

સ્થાંતરરૂપ નાશ થતો હોય તો તે કેમાં ભળે, અથવા કેવા પ્રકારનું અવસ્થાંતર પામે તે તપાસ. અર્થાત્ ઘટાદિ પદાર્થ ફુટી જાય છે. એટલે લોકો એમ કહે છે કે ઘડો, નાશ પામ્યો છે, કંઇ માટીપણું નાશ પામ્યું નથી. તે છિન્નભિન્ન થઇ જઇ સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભૂકો થાય, તોપણ પરમાણુ સમૂહરૂપે રહે, પણ કેવળ નાશ ન થાય; અને તેમાંનું એક પરમાણુ પણ ઘટે નહીં, કેમકે અનુભવથી જોતાં અવસ્થાંતર થઈ શકે, પણ પદાર્થનો સમૂળગો નાશ થાય એમ ભાસી જ શકવા યોગ્ય નથી, એટલે જો તું ચેતનનો નાશ કહે, તો પણ કેવળ નાશ તો કદી જ કહી શકાય નહીં; અવસ્થાંતરરૂપ નાશ કહેવાય. જેમ ઘટ ફુટી જઇ કમે કરી પરમાણુસમૂહરૂપે સ્થિતિમાં રહે, તેમ ચેતનનો અવસ્થાંતરરૂપ નાશ તારે કહેવો હોય તો તે શી સ્થિતિમાં રહે, અથવા ઘટના પરમાણુઓ જેમ પરમાણુસમૂહમાં મળ્યા તેમ ચેતન કઇ વસ્તુમાં ભળવાયોગ્ય છે તે તપાસ; અર્થાત્ એ પ્રકારે તું અનુભવ કરી જોઇશ તો કોઇમાં નહીં ભળી શકવાયોગ્ય, અથવા પરસ્વરૂપે અવસ્થાંતર નહીં પામવાયોગ્ય એવું ચેતન એટલે આત્મા તને ભાસ્યમાન થશે.

૭૨. જીવ કર્મનો કર્તા નથી, કર્મના કર્તા કર્મ છે, અથવા અનાયાસે તે થયા કરે છે. એમ નહીં. ને જીવ જ તેનો કર્તા છે એમ કહો તો પછી તે જીવનો ધર્મ જ છે, અર્થાત્ ધર્મ હોવાથી ક્યારે નિવૃત્ત ન થાય.

૧૨. અથવા એમ નહીં, તો [illegible]
છે, અને સત્વાદિ ગુણવાળી પ્રકૃતિ કર્મો [illegible]
છે; તેમ નહીં, તો જીવને કર્મ કરાવી [illegible]
ઈશ્વર કરે છે, તેથા ઈશ્વરકારણ [illegible]
કર્મથી 'અબંધ' છે.

૧૩. માટે [illegible] રીતે કર્મો કર્યાં [illegible]
[illegible]

[illegible]

૭૭. જગતનો અથવા જીવોનાં કર્મનો ઈશ્વર કર્તા કોઈ છે નહીં; શુદ્ધ આત્મસ્વભાવ જેનો થયો છે તે ઈશ્વર છે, અને તેને જો પ્રેરક એટલે કર્મ-કર્તા ગણીએ તો તેને દોષનો પ્રભાવ થયો ગણાવો જોઈએ; માટે ઈશ્વરની પ્રેરણા જીવના કર્મ કરવામાં પણ કહેવાય નહીં.

૭૮. આત્મા જો પોતાના શુદ્ધ ચૈતન્યાદિ સ્વભાવમાં વર્તે તો તે પોતાના તે જ સ્વભાવનો કર્તા છે, અર્થાત્ તે જ સ્વરૂપમાં પરિણમિત છે, અને તે શુદ્ધ ચૈતન્યાદિ સ્વભાવના ભાનમાં વર્તતો ન હોય ત્યારે કર્મભાવનો કર્તા છે.

૭૯. જીવને કર્મનો કર્તા કહીએ તોપણ તે કર્મનો ભોક્તા જીવ નહીં ઠરે, કેમકે જડ એવાં કર્મ શું સમજે કે તે ફળ દેવામાં પરિણામી થાય ? અર્થાત્ ફળદાતા થાય ?

૮૦. ફળદાતા ઈશ્વર ગણીએ તો ભોક્તાપણું સાધી શકીએ, અર્થાત્ જીવને ઈશ્વર કર્મ ભોગવાવે તેથી જીવ કર્મનો ભોક્તા સિદ્ધ થાય, પણ પરને ફળ દેવા આદિ પ્રવૃત્તિવાળો ઈશ્વર ગણીએ તો તેનું ઈશ્વરપણું જ રહેતું નથી, એમ પણ પાછો વિરોધ આવે છે.

૮૧. તેવો ફળદાતા ઈશ્વર સિદ્ધ થાય નહીં, એટલે જગતનો નિયમ પણ કોઈ રહે નહીં, અને શુભા-શુભ કર્મ ભોગવવાનાં કોઈ સ્થાનક પણ ઠરે નહીં, એટલે જીવને કર્મનું ભોક્તાપણું ક્યાં રહ્યું !

તથાપિ ઉત્કૃષ્ટ શુભ દ્રવ્યનું ઊર્ધ્વગમન ઉત્કૃષ્ટ અશુભ દ્રવ્યનું અધોગમન, શુભાશુભની મધ્યસ્થિતિ, એમ દ્રવ્યનો વિશેષ સ્વભાવ છે. અને તે આદિ હેતુથી તે તે ભોગ્યસ્થાનક હોવાયોગ્ય છે. હે શિષ્ય ! જડ ચેતનના સ્વભાવ સંયોગાદિ સૂક્ષ્મસ્વરૂપનો અત્રે ઘણો વિચાર સમાય છે, માટે આ વાત ગહન છે. તો પણ તેને સાવ સંક્ષેપમાં કહી છે.

८७. કર્તા, ભોક્તા જીવ હો પણ તેથી તેનો મોક્ષ થવાયોગ્ય નથી, કેમકે અનંતકાળ થયો તોપણ કર્મ કરવારૂપી દોષ હજુ તેને વિષે વર્તમાન જ છે.

८८. શુભ કર્મ કરે તો તેથી દેવાદિ ગતિમાં તેનું શુભ ફળ ભોગવે, અને અશુભ કર્મ કરે તો નરકાદિ ગતિને વિષે તેનું અશુભ ફળ ભોગવે; પણ જીવ કર્મરહિત કોઈ સ્થળે હોય નહીં.

८९. જેમ શુભાશુભ કર્મપદ તે જીવના કરવાથી તેં થતાં જાણ્યાં, અને તેથી તેનું ભોક્તાપણું જાણ્યું તેમ નહીં કરવાથી અથવા તે કર્મનિવૃત્તિ કરવાથી તે નિવૃત્તિ પણ થવાયોગ્ય છે; માટે તે નિવૃત્તિનું પણ સફળપણું છે; અર્થાત્ જેમ તે શુભાશુભ કર્મ અફળ જતાં નથી, તેમ તેની નિવૃત્તિ પણ અફળ જવાયોગ્ય નથી; માટે તે નિવૃત્તિરૂપ મોક્ષ છે એમ હે વિચક્ષણ ! તું વિચાર.

९०. કર્મસહિત અનંતકાળ વીતો તે તે શુભાશુભ કર્મપ્રત્યેની જીવનીઆસક્તિને લીધે વીત્યો, પણ તેના પર ઉદાસીન થવાથી તે કર્મફળ છેદાય, અને તેથી મોક્ષસ્વભાવ પ્રગટ થાય.

૯૧. દેહાદિ સંયોગનો અનુક્રમે વિયોગ તો થયા કરે છે, પણ તે પાછો ગ્રહણ ન થાય તે રીતે વિયોગ કરવામાં આવે, તો સિદ્ધસ્વરૂપ મોક્ષસ્વભાવ પ્રગટે, અને શાશ્વતપદે આનંદ આત્માનંદ ભોગવાય.

૯૨. મોક્ષપદ કદાપિ હોય તોપણ તે પ્રાપ્ત થવાનો કોઈ અવિરોધ એટલે યથાતથ્ય પ્રતીત થાય એવો ઉપાય જણાતો નથી, કેમકે અનંત કાળનાં કર્મો છે, તે આવા અલ્પાયુષ્યવાળા મનુષ્યદેહથી કેમ છેદ્યાં જાય ?

૯૩. અથવા કદાપિ મનુષ્યદેહના અલ્પાયુષ્ય વગેરેની શંકા છોડી દઇએ, તોપણ મત અને દર્શન ઘણાં છે, અને તે મોક્ષના અનેક ઉપાયો કહે છે, અર્થાત્ કોઈ કંઈ કહે છે, અને કોઇ કંઈ કહે છે, તેમાં કયો મત સાચો એ વિવેક બની શકે એવો નથી.

૯૪. બ્રાહ્મણાદિ કઈ જાતિમાં મોક્ષ છે, અથવા કયા વેષમાં મોક્ષ છે, એનો નિશ્ચય પણ ન બની શકે એવો છે, કેમકે તેવા ઘણા ભેદો છે, અને એ દોષે પણ મોક્ષનો ઉપાય પ્રાપ્ત થવાયોગ્ય દેખાતો નથી.

૯૫. તેથી એમ જણાય છે કે, મોક્ષનો ઉપાય પ્રાપ્ત થઈ શકે એવું નથી, માટે જીવાદિનું સ્વરૂપ જાણ્યાથી પણ શું ઉપકાર થાય? અર્થાત્ જે પદને અર્થે જાણવાં જોઇએ તે પદનો ઉપાય પ્રાપ્ત થવો અશક્ય દેખાય છે.

૯૬. આપે પાંચે ઉત્તર કહ્યા તેથી સર્વાંગ

પણ જો મોક્ષનો ઉપાય સમજું તો સદ્‌ભાગ્યનો ઉદય-ઉદય-થાય. અત્ર 'ઉદય' 'ઉદય' બે વાર શબ્દ છે તે પાંચ ઉત્તરના સમાધાનથી થયેલી મોક્ષપદની જિજ્ઞાસાનું તીવ્રપણું દર્શાવે છે.

૯૭. પાંચે ઉત્તરની તારા આત્માને વિષે પ્રતીતિ થઇ છે, તો મોક્ષના ઉપાયની પણ એ જ રીતે તને સહજમાં પ્રતીતિ થશે. અત્રે ' થશે ' અને 'સહજ' એ બે શબ્દ સદ્‌ગુરૂએ કહ્યા છે તે જેને પાંચ પદની શંકા નિવૃત્ત થઇ છે તેને મોક્ષોપાય સમજાવો કંઇ કઠણ જ નથી એમ દર્શાવવા, તથા શિષ્યનું વિશેષ જિજ્ઞાસુપણું જાણી અવશ્ય તેને મોક્ષોપાય પરિણમશે એમ ભાસવાથી (તે વચન) કહ્યાં છે; એમ સદ્‌ગુરૂનાં વચનનો આશય છે.

૯૮. કર્મભાવ છે તે જીવનું અજ્ઞાન છે અને મોક્ષભાવ છે તે જીવના પોતાના સ્વરૂપને વિષે સ્થિતિ થવી તે છે. અજ્ઞાનનો સ્વભાવ અંધકાર જેવો છે. તેથી જેમ પ્રકાશ થતાં ઘણા કાળનો અંધકાર છતાં નાશ પામે છે, તેમ જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાન પણ નાશ પામે છે.

૯૯. જે જે કારણો કર્મબંધનાં છે, તે તે કર્મબંધનો માર્ગ છે; અને તે તે કારણોને છેદે એવી જે દશા છે તે મોક્ષનો માર્ગ છે; ભવનો અંત છે.

૧૦૦. રાગ, દ્વેષ અને અજ્ઞાન એનું એકત્વ એ કર્મની મુખ્ય ગાંઠ છે; અર્થાત્ એ વિના કર્મનો બંધ ન થાય; તેની જેથી નિવૃત્તિ થાય તે જ મોક્ષનો માર્ગ છે.

૧૦૧. 'સત્' એટલે 'અવિનાશી,' અને 'ચૈતન્યમય' એટલે 'સર્વભાવને પ્રકાશવારૂપ સ્વભાવમય' 'અન્ય સર્વ વિભાવ અને દેહાદિ સંયોગના આભાસથી રહિત એવો,' 'કેવળ' એટલે 'શુદ્ધ આત્મા' પામિયે તેમ પ્રવર્ત્તાય તે મોક્ષમાર્ગ છે.

૧૦૨. કર્મ અનંત પ્રકારનાં છે, પણ તેના મુખ્ય જ્ઞાનાવરણાદિ આઠ પ્રકાર થાય છે. તેમાં પણ મુખ્ય મોહનીયકર્મ છે. તે મોહનીયકર્મ હણાય તેનો પાઠ કહું છું.

૧૦૩. તે મોહનીય કર્મ બે ભેદે છે;—એક 'દર્શનમોહનીય' એટલે 'પરમાર્થને વિષે અપરમાર્થબુદ્ધિ અને અપરમાર્થને વિષે પરમાર્થબુદ્ધિરૂપ;' બીજી 'ચારિત્રમોહનીય' 'તથારૂપ પરમાર્થને પરમાર્થ જાણીને આત્મસ્વભાવમાં જે સ્થિરતા થાય, તે સ્થિરતાને રોધક એવા પૂર્વસંસ્કારરૂપ કષાય અને નોકષાય' તે ચારિત્રમોહનીય. દર્શનમોહનીયને આત્મબોધ, અને ચારિત્રમોહનીયને વીતરાગપણું નાશ કરે છે. આમ તેના અચૂક ઉપાય છે, કેમકે મિથ્યાબોધ તે દર્શનમોહનીય છે; તેનો પ્રતિપક્ષ સત્યાત્મબોધ છે; અને ચારિત્રમોહનીય રાગાદિક પરિણામરૂપ છે, તેનો પ્રતિપક્ષ વીતરાગભાવ છે. એટલે અંધકાર જેમ પ્રકાશ થવાથી નાશ પામે છે—તે તેનો અચૂક ઉપાય છે—તેમ બોધ અને વીતરાગતા દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ અંધકાર ટાળવામાં પ્રકાશસ્વરૂપ છે; માટે તે તેનો અચૂક ઉપાય છે.

૧૦૪. ક્રોધાદિ ભાવથી કર્મબંધ થાય છે, અને ક્ષમાદિક ભાવથી તે હણાય છે: અર્થાત્ ક્ષમા રાખવાથી ક્રોધ રોકી શકાય છે, સરળતાથી માયા રોકી શકાય છે, સંતોષથી લોભ રોકી શકાય છે: એમ રતિ અરતિ આદિના પ્રતિપક્ષથી તે તે દોષો રોકી શકાય છે, તે જ કર્મબંધનો નિરોધ છે: અને તે જ તેની નિવૃત્તિ છે. વળી સર્વને આ વાતનો પ્રત્યક્ષ અનુભવ છે, અથવા સર્વને પ્રત્યક્ષ અનુભવ થઈ શકે એવું છે. ક્રોધાદિ રોકવાં રોકાય છે, અને જે કર્મબંધને રોકે છે, તે અકર્મદશાનો માર્ગ છે. એ માર્ગ પરલોકે નહીં, પણ અત્રે અનુભવમાં આવે છે, તો એમાં સંદેહ શો કરવો ?

૧૦૫. આ મારો મત છે, માટે મારે વળગી જ રહેવું, અથવા આ મારું દર્શન છે, માટે ગમે તેમ મારે તે સિદ્ધ કરવું એવો આગ્રહ અથવા એવા વિકલ્પને છોડીને આ જે માર્ગ કહ્યો છે, તે સાધશે, તેના અલ્પ જન્મ જાણવા. અહીં 'જન્મ' શબ્દ બહુવચનમાં વાપર્યો છે, તે એટલું જ દર્શાવવાને કે, ક્વચિત્ તે સાધન અધૂરાં રહ્યાં તેથી, અથવા જઘન્ય, કે મધ્યમ પરિણામની ધારાથી આરાધન થયાં હોય તેથી, સર્વ કર્મ ક્ષય થઇ ન શકવાથી બીજો જન્મ થવાનો સંભવ છે; પણ તે બહુ નહીં; બહુ જ અલ્પ. "સમકિત આવ્યા પછી જો વમે નહીં, તો ઘણામાં ઘણા પંદર ભવ થાય, એમ જિને કહ્યું છે," અને "જે ઉત્કૃષ્ટપણે આરાધે તેનો તે ભવે પણ મોક્ષ થાય;" અત્રે તે વાતનો વિરોધ નથી.

૧૦૬. હે શિષ્ય! તેં છ પદનાં છ પ્રશ્નો વિચાર કરીને પૂછ્યાં છે, અને તે પદની સર્વાંગતામાં મોક્ષમાર્ગ છે, એમ નિશ્ચય કર. અર્થાત્ એમાંનું કોઈ પણ પદ એકાંતે, કે અવિચારથી ઉત્થાપતાં મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી.

૧૦૭. જે મોક્ષનો માર્ગ કહ્યો તે હોય તો ગમે તે જાતિ કે વેષથી મોક્ષ થાય; એમાં કંઈ ભેદ નથી. જે સાધે તે મુક્તિપદ પામે; અને તે મોક્ષમાં પણ બીજા કશા પ્રકારનો ઉંચનીચત્વાદિ ભેદ નથી. અથવા આ વચન કહ્યાં તેમાં બીજો કંઈ ભેદ એટલે ફેર નથી.

૧૦૮. ક્રોધાદિ કષાય જેના પાતળા પડ્યા છે, માત્ર આત્માને વિષે મોક્ષ થવા સિવાય બીજી કોઈ ઇચ્છા નથી, અને સંસારના ભોગપ્રતે ઉદાસીનતા વર્તે છે; તેમ જ પ્રાણીપર અંતરથી દયા વર્તે છે, તે જીવને મોક્ષમાર્ગનો જિજ્ઞાસુ કહીએ. અર્થાત્ તે માર્ગ પામવાયોગ્ય કહીએ.

૧૦૯. તે જિજ્ઞાસુ જીવને જો સદ્ગુરુનો ઉપદેશ પ્રાપ્ત થાય તો તે સમકિતને પામે, અને અંતરની શોધમાં વર્તે.

૧૧૦. મત અને દર્શનનો આગ્રહ છોડી દઈ જે સદ્ગુરુને લક્ષે વર્તે, તે શુદ્ધ સમકિતને પામે, કે જેમાં ભેદ તથા પક્ષ નથી.

૧૧૧. આત્મસ્વભાવનો જ્યાં અનુભવ, લક્ષ, અને પ્રતીત વર્તે છે, તથા વૃત્તિ આત્માના સ્વભાવમાં વહે છે, ત્યાં પરમાર્થે સમકિત છે.

૧૧૨. તે સમકિત વધતી જતી ધારાથી હાસ્ય શોકાદિ જે કંઈ આત્માને વિષે મિથ્યાભાસ ભાસ્યા છે તેને ટાળે, અને સ્વભાવ સમાધિરૂપ ચારિત્રનો ઉદય થાય, જેથી સર્વ રાગદ્વેષના ક્ષયરૂપ વીતરાગપદમાં સ્થિતિ થાય.

૧૧૩. સર્વ આભાસરહિત આત્મસ્વભાવનું જ્યાં અખંડ એટલે ક્યારે પણ ખંડિત ન થાય, મંદ ન થાય, નાશ ન પામે એવું જ્ઞાન વર્તે તેને કેવળજ્ઞાન કહીએ છીએ. જે કેવળજ્ઞાન પામ્યાથી ઉત્કૃષ્ટ જીવન્મુક્તદશારૂપ નિર્વાણ, દેહ છતાં જ અત્રે અનુભવાય છે.

૧૧૪. કરોડો વર્ષનું સ્વપ્ન હોય તોપણ જાગ્રત થતાં તરત તે શમાય છે, તેમ અનાદિનો વિભાવ છે તે આત્મજ્ઞાન થતાં દૂર થાય છે.

૧૧૫. હે શિષ્ય! દેહમાં જે આત્મતા મનાઇ છે, અને તેને લીધે સ્ત્રી પુત્રાદિ સર્વમાં અહંમમત્વપણું વર્તે છે, તે આત્મતા જો આત્મામાં જ મનાય, અને તે દેહાધ્યાસ એટલે દેહમાં આત્મબુદ્ધિ તથા આત્મામાં દેહબુદ્ધિ છે તે છૂટે, તો તું કર્મનો કર્તા પણ નથી, અને ભોક્તા પણ નથી, અને એ જ ધર્મનો મર્મ છે.

૧૧૬. એ જ ધર્મથી મોક્ષ છે, અને તું જ મોક્ષસ્વરૂપ છો; અર્થાત્ શુદ્ધ આત્મપદ એ જ મોક્ષ છે. તું અનંત જ્ઞાન દર્શન તથા અવ્યાબાધ સુખસ્વરૂપ છો.

૧૧૭. તું દેહાદિક સર્વ પદાર્થથી જૂદો છે, કોઈમાં આત્મદ્રવ્ય ભળતું નથી, કોઇ તેમાં ભળતું નથી. દ્રવ્યે દ્રવ્ય પરમાર્થથી સદાય ભિન્ન છે; માટે તું શુદ્ધ છો, બોધસ્વરૂપ છો, ચૈતન્યપ્રદેશાત્મક છો, સ્વયંજ્યોતિ એટલે કોઇ પણ તને પ્રકાશતું નથી, સ્વભાવે જ તું પ્રકાશસ્વરૂપ છો, અને અવ્યાબાધ સુખનું ધામ છો. બીજું કેટલું કહીએ ? અથવા ઘણું શું કહેવું ? ટુંકામાં એટલું જ કહીએ છીએ, જો વિચાર કર તો તે પદને પામીશ.

૧૧૮. સર્વે જ્ઞાનીઓનો નિશ્ચય અત્રે આવીને શમાય છે; એમ કહીને સદ્‌ગુરૂ મૌનતા ધરીને સહજસમાધિમાં સ્થિત થયા, અર્થાત્ વાણીયોગની અપ્રવૃત્તિ કરી.

૧૧૯. શિષ્યને સદ્‌ગુરૂના ઉપદેશથી અપૂર્વ એટલે પૂર્વે કોઈ દિવસ નહીં આવેલું એવું ભાન આવ્યું, અને તેને પોતાનું સ્વરૂપ પોતાને વિષે યથાતથ્ય ભાસ્યું, અને દેહાત્મબુદ્ધિરૂપ અજ્ઞાન દૂર થયું.

૧૨૦. પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, અજર, અમર, અવિનાશી અને દેહથી સ્પષ્ટ જૂદું ભાસ્યું.

૧૨૧. જ્યાં વિભાવ એટલે મિથ્યાત્વ વર્તે છે, ત્યાં મુખ્ય નયથી કર્મનું કર્તાપણું અને ભોક્તાપણું છે. આત્મસ્વભાવમાં વૃત્તિ વહી તેથી અકર્તા થયો.

૧૨૨. અથવા આત્મપરિણામ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, તેનો નિર્વિકલ્પસ્વરૂપે કર્તા, ભોક્તા થયો.

૧૨૩. આત્માનું શુદ્ધપદ છે તે મોક્ષ છે, અને

જેથી તે પમાય તે તેનો માર્ગ છે; શ્રી સદ્ગુરુએ કૃપા કરીને નિર્ગ્રંથનો સર્વ માર્ગ સમજાવ્યો.

૧૨૪. અહો ! અહો ! કરુણાના અપાર સમુદ્રસ્વરૂપ આત્મલક્ષ્મીએ યુક્ત સદ્ગુરુ, આપ પ્રભુએ આ પામર જીવ પર આશ્ચર્યકારક એવો ઉપકાર કર્યો.

૧૨૫. હું પ્રભુના ચરણ આગળ શું ધરું ? (સદ્ગુરુ તો પરમ નિષ્કામ છે; એક નિષ્કામકરુણાથી માત્ર ઉપદેશના દાતા છે, પણ શિષ્યધર્મે શિષ્યે આ વચન કહ્યું છે.) જે જે જગતમાં પદાર્થ છે, તે સૌ આત્માની અપેક્ષાએ નિર્મૂલ્ય જેવા છે, તે આત્મા તો જેણે આપ્યો તેના ચરણસમીપે હું બીજું શું ધરું ? એક પ્રભુના ચરણને આધીન વર્તું, એટલું માત્ર ઉપચારથી કરવાને હું સમર્થ છું.

૧૨૬. આ દેહ આદિ, આજથી જે કંઈ મારું ગણાય છે, તે આજથી કરીને સદ્ગુરુ પ્રભુને આધીન વર્તો, હું તેહ પ્રભુનો દાસ છું, દાસ છું દીન દાસ છું.

૧૨૭. છએ સ્થાનક સમજાવીને હે સદ્ગુરુ દેવ ! આપે દેહાદિથી આત્માને, જેમ મ્યાનથી તરવાર જુદી કાઢીને બતાવીએ તેમ સ્પષ્ટ જુદો બતાવ્યો; આપે મપાઈ શકે નહીં એવો ઉપકાર કર્યો.

૧૨૮. છએ દર્શન આ છ સ્થાનકમાં સમાય છે. વિશેષપણે વિચારવાથી કોઈ પણ પ્રકારનો સંદેહ રહે નહીં.

૧૨૯. આત્માને પોતાના સ્વરૂપનું ભાન નહીં

ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખ સ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ.
આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપપ્રકાર.
જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.
જિનપ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ.
ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિ સહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત.
ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
[illegible] સદ્ગુરુ વડે, જિનદર્શન અનુયોગ.
[illegible] ઉલટી આવે એમ;
[illegible] પણ તેમ.

ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખ સ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ.
આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપપ્રકાર.
જિનપદ નિજપદ એકતા, ભેદ ભાવ નહીં કાંઇ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઇ.
જિનપ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્ગુરૂ, સુગમ અને સુખખાણ.
ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિ સહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ ગોગ ઘટિત.
ગુણ પ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ ગોગ;
પ્રાપ્તિ શ્રી સદ્ગુરૂવડે, જિનદર્શન અનુયોગ.
પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઉલટી આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ.
વિષય વિકાર સહીત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ.
મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરૂણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.
રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહીં આત્મથી, મધ્ય પાત્ર મહા ભાગ્ય.
નહીં તૃષ્ણા જીવ્યા તણી, મરણ યોગ નહીં ક્ષોભ.
મહા પાત્ર તે માર્ગના, પરમ યોગ જિત લોભ.
આવ્યે બહુ સમ દેશમાં, છાયા જાય સમાઇ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાય.
ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહીં વાર.
સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ધ્યાન મહીં.
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.